
# કૃપાની દિવ્ય નદી



આ કલ્પના કથા એ બતાવે છે કે અશુદ્ધ આત્માઓ કેવી રીતે જૂઠનો ઉપયોગ કરીને લોકોને દેવની દયા અને પ્રેમ બાબતે આંધળા કરે છે અને ખ્રિસ્ત કેવી રીતે તેમને છોડાવી શકે છે.

**લેખક**
જ્યોર્જ પેટરસન અને ગેલન કુરાહ

નવી મંડળીઓના શિખાઉ આગેવાનોએ આ વાર્તા અને
અન્ય પોલતિમોથી સ્ટડીઝ જોવા માટે
http ://www.paul-timothy.net / ઉપર વિના મૂલ્યે ડાઉનલોડ કરવું.

Copyright © 2004 by George Patterson

## પ્રકરણ ૧
## વિક્ટર અને લોરી કૃપાની નદી કેવી રીતે શોધે છે

વિક્ટર નાના ગામડામાંથી એક શહેરમાં આવ્યો અને વેલ્ડીંગ કરવાનું શીખ્યો. તેને કાર રીપેર કરવાની એક નાની દુકાનમાં નોકરી મળી. અહીં તે મિત્રો શોધતો હતો ત્યારે તેને લોરી નામની છોકરીનો મેળાપ થયો. તે પણ થોડા વખત ઉપર જ આ શહેરમાં આવી હતી.

તેમની મિત્રતા ખૂબ વધી ગઈ અને તેઓએ લગ્ન કરી લીધું. તેમનું નાનું બિનખર્ચાળ એપાર્ટમેન્ટ લોરીએ આનંદપૂર્વક ફૂલો અને નાની-નાની વસ્તુઓ વડે એવું સજાવ્યું કે જે સ્ત્રીઓ જે પોતાની કલ્પાનાથી કરી શકે અને ખાસ કરીને વાંચવાનો ખૂબ શોખ ધરાવતી લોરી જેવી સ્ત્રી તે કરી શકે વિકટરે તેને કહ્યું, તું ફક્ત સુંદર જ નથી, બુદ્ધિશાળી પણ છે. રોજ રોજ તું મને કંઈક એવું નવીન આપે છે જેના વડે હું તને અને તારા જીવનને વધારે ઓળખી શકું છું. તેના લાંબા, સીધા કાળા વાળ ઉડાડતા તે બોલ્યો, 'હું ખરેખર ભાગ્યશાળી છું !'

તે તેના મજબૂત અને અડગ ચહેરા સામે તાકી રહી. તેનામાં તેને એવો માણસ દેખાતો હતો જે ફરિયાદ વગર મુશ્કેલ જવાબદારીઓનો સામનો કરતો હતો.

"તું પણ ખૂબ વિચારશીલ છે, વિક્ટર," તે વહાલથી બોલી, "તું ઊંડો વિચારક છે. આપણું જીવન કંટાળાભર્યું નહિ રહે. તું તો મારે માટે હંમેશા....હું શું કહુ ? તું જ વિચાર !"

સર્જનાત્મકતા અને વિચારશિલતા વાળી તેમની નાની દુનિયા તે બંને માટે ત્યાં સુધી સ્વર્ગસમાન હતી કે જ્યારે એક સાંજે વિક્ટર ગમગીન ચહેરા સાથે ઘેર આવ્યો. તેને જોતા જ લોરીને ફાળ પડી કે 'શું થયું ?'

"મારી દુકાનમાં હવે વેલ્ડર (રેણ કરનાર) ની જરૂર નથી. આપણે બીજે કામ શોધવું પડશે."

લોરી નીચે બેસી પડી, એક ઊંડો શ્વાસ લીધો અને પોતાના પેટ પર હાથ ટપારતા બોલી, "તારે જલ્દીથી શોધવું પડશે કારણ કે હવે આપણું ઘર વૃદ્ધિ પામવાનું છે. આજે જ મને ખબર પડી છે કે આપણે મમ્મી-પપ્પા બનવાના છીએ."

ત્રણ અઠવાડિયા પછી વિકટર જયારે ફરી ઘેર આવ્યો ત્યારે લોરીએ જોયું કે તેનો ચહેરા વધારે ચિંતાગ્રસ્ત હતો. તેણે પૂછયું, 'હવે શું થયું?'

'વેલ્ડરોને કામ મળતુ નથી. આવતા મહિનાનું ભાડું ભરવાના પૈસા હવે આપણી પાસે નથી. મને ચિંતા થાય છે.'

'મને પણ તે સિવાયની ઘણી બાબતોની ચિંતા થાય છે. લોરી બોલી, 'મને તો ઘણીવાર લાગે છે કે દેવ મારા ખરાબ કામોને કારણે આ શિક્ષા લાવ્યો છે.'

'હું પણ ઘણીવાર તેવો જ વિચાર કરું છું' વિક્ટર બોલ્યો, "મારા કાકાનો દીકરો કહેતો હતો કે કેટલાક મિત્રો એક હિન્દુ સ્વામીને આજે રાત્રે મળવાના છે અને ધ્યાન કરવાના છે આપણે પણ તે કરી જોઈએ આપણે કોઈ ધર્મમાં ઊંડા ઉતર્યા નથી.

એ વિચાર સારો છે વિકટર હું મારા જીવનનો ઊંડો અર્થ જાણવા માંગુ છું મારે કઈક અનુભવ કરવો છે.

"સારું ત્યારે તું એ સ્વામીના સરનામે આવ. હું પહેલા મકાનમાલિકને મળું છું તે અહીં પાસે જ રહે છે તેમને હું થોડો સમય આપવા વિનંતી કરીશ પછી હું ત્યાં તને મળુ છું."

વિકટરે લોરીને જે સ્વામીનું સરનામું આપ્યુ તે ભૂલભરેલુ હતું માટે તે બીજે પહોંચી તેણે બારણે પૂછયું શું આ ધ્યાનની મીટીંગ છે?

ધ્યાન-મનન ઓહ ! તમે ખૂબ વહેલા છો લોરીની ઉંમરની એક સ્ત્રીએ તેને ઘરમાં આવકાર આપ્યો અંદર આવો મારુ નામ જૂલી છે મારા પતિ ટીનો એક જૂથ ચલાવે છે આજે ચર્ચા માટે તેમનો વારો છે ત્યા સુધી થોડી ચા પીઓ.

થોડી વારમાં બીજા પણ આવ્યા કેટલાક બાળકોને તેડીને આવ્યા તેઓને એકબીજા માટે ઈસુના નામમાં પ્રાર્થના કરતા જોઈને લોરીને આશ્ચર્ય થયુ એક પૌઢ સ્ત્રીએ જણાવ્યુ કે તેને ખ્રિસ્તનો પ્રેમ કેવી અદભુત રીતે મળ્યો હું ખૂબજ પાપી હતી મારા પાપ અધોર હતા દેવ મારા પાપ ઢાંકી શકે છે તે હું જાણતી ન હતી પણ તે બોલી ના શકી તે આનંદથી ડુસ્કા ભરવા લાગી

એક વૃદ્ધ ભાઈ શરમાતા શરમાતા કહેવા લાગ્યા.તેઓ જાહેરમાં બોલતા શરમાતા હતા ''અઠવાડીયાઓ સુધી તમે મારે માટે પ્રાર્થના કરી તમે મારું ફેફસાનુ દર્દ મટાડવા પ્રભુને વિનંતી કરી તેણે સાજાપણુ આપ્યુ છે. ડોકટરો મને પૂછે છે કે તમે કઈ નવી દવા કરી ? મેં તેમને કહ્યું પ્રાર્થના કેવળ પ્રાર્થના ઈસુના નામમાં ડોકટર બોલ્યા, તે જ શકય બનાવે એ સિવાય આવું પૂરું સાજાપણું મળી શકે જ નહિ. ''

''પ્રભુ ઈસુની સ્તુતિ થાઓ !'' જુલી એટલા આંનદથી બોલી કે લોરી આશ્ચર્યથી જાઈ રહી તે તેની બાજુમાં બેઠી હતી.

એક જુવાન માણસે તેની સાક્ષી આપી ''તમે જાણો છો મારી સ્થિતી કેટલી ખરાબ હતી નશાકારક પદાર્થાનો બંધાણી હતો પણ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તે મને મુકત કર્યા છે.''

તેઓ ફરીથી પ્રભુની સ્તુતિ ગાઈ ટીનાએ ''તે જુવાનને ખાતરી આપી તમે ખ્રિસ્તની કૃપામાં વૃદ્ધિ પામવા અમે તમારી સહાય કરીશું ''

લોરીએ જુલીને ધીમેથી કહ્યું ''મને કોઈ કંઈ ના પૂછે તો સારુ આ બધુ મારા માટે નવું છે.''

''તારે કંઈ બોલવુ હોય તો જ તારે બોલવાનું છે લોરી''

જૂલીનો પતિ ટીનો બધા વચ્ચે નિષ્ણાત જેવો હતો તે જાડા કાચના ચશ્મા સાથે પ્રોફેસર જોવો લાગતો હતો તેની મૂછો સફાઈપૂર્વક કાપેલી અને તેનો અવાજ ખાતરીબંધ સ્પષ્ટ હતો ''આ માણસ પર વિશ્વાસ મૂકી શકાય તેવો દેખાય છે'' લોરી તેનો સ્મિતભર્યા ચહેરો જોતા બોલી

ટીનાએ જૂથને કહ્યું આપણે બાઈબલમાંથી હવે જોઈશુ કે દેવ કૃપા વિશે શું કહે છે કૃપાકરી રૂમી પમો અધ્યાય કાઢો જૂલીએ જલ્દીથી લોરીને બાઈબલ આપ્યું પણ લોરી રૂમીઓને પત્ર તરત શોધી ન શકી જૂલીએ તેને મદદ કરવા કહ્યું લોરીએ જૂલીનું વર્તન જોયું હતું કે તે દરેકને ખાસ મળતી હતી તેમના સમાચાર પૂછતી હતી અને ચા પીવડાવતી હતી દરેક સાથે હસીને વાત કરતી તે તેની ખાસિયત હતી પોતાના મુલાકાતીઓનો સંતોષ પ્રાપ્ત કરવા તે કૃતનિશ્ચયી હતી.

જે જુવાન નશામાથી છૂટયો હતો તે લાગણીસભર વાંચન કરતો હતો જ્યાં પાપ અધિક થયુ ત્યાં કૃપા એથી પણ અધિક થઈ, એ માટે કે જેમ પાપે મરણ (વશ લોકો) માં રાજ કર્યુ તે પ્રમાણે પ્રભુ ઈસુ દ્વારા અનંત જીવન મેળવવાને અર્થે ન્યાયીપણા દ્વારા કૃપા પણ રાજ કરે

ટીનોએ જૂથમાં પ્રશ્ન પૂછયો આ વાંચન પાઠમાંથી આપણે દેવ(ઈશ્વર) વિષે શું જાણી શકયા તેઓએ દેવની અતિઘણી કૃપા વિષે થોડી વાર ચર્ચા કરી અને ટીનોએ પછી કૃપાની નદી વિષે કઢાવેલી કલમો બધાએ વારાફરતી વાંચવા માંડી.

શરુઆત એક ઉંમરલાયક બાઈએ કરી તેમણે જૂના વસ્ત્રો પહેર્યા હતા અને ગરીબ દેખાતા હતા યશા.પપ : ૧માં પ્રતિજ્ઞા આપી છે 'હે તૃષિત જનો તમે સર્વ પાણીની પાસે આવો જેની પાસે કંઈ પણ નાણું નથી તે સર્વ તમે આવો વેચાતું લો અને ખાઓ આ પ્રતિજ્ઞા મારી પ્રિય છે.'

જે માણસને સાજાપણુ મળ્યુ હતું તેણે ગીશા૩૬ઃ૮-૯ માંથી વાચ્યુ 'તેઓ તારા ઘરની સમૃદ્ધિથી પુષ્કળ તૃપ્ત થશે અને તારા સુખોની નદીમાંથી તેઓ પીશે કેમકે જીવનનો ઝરો તારી પાસે છે તારા અજવાળા માં અમે અજવાળુ જોઈશું.

દરેક જણ બાઇબલમાંથી વચનો વાંચતા હતા ત્યારે લોરી નું હૃદય હલી જતું હતું એક દસ વર્ષના બાળકે શરમાતા શરમાતા પ્રકટી. ૨૨ : ૧ મોઢે કર્યુ ''ત્યારે તેણે મને દેવના તથા હલવાનના પાણીની નદી નગરના

રસ્તા મધ્યે દેખાડી એ નદીના બંને કિનારે જીવનનુ ઝાડ હતુ તેને બાર પ્રકારના ફૂલ લાગતા હતા વળી તે ઝાડના પાંદડા સર્વ પ્રજાઓને નિરોગી કરવા સારુ હતા.''

એટલામાં એક સ્ત્રી કે જેણે લાલ ભભક રંગનો ડ્રેસ પહેર્યો હતો તે ઊભી થઈ અને શાંતિથી ચાલી ગઈ. મીટીગમાં તે કંઈ બોલી ન હોતી તેને રસ પડયો હોય તેવા કોઈ ભાવ તેના ચહેરા પર ન હતા પછી જે પ્રૌઢ બાઈએ માફી માટે પ્રભુની સ્તુતિ કરી હતી તેણે યોહાન ૭ : ૩૭ - ૩૮ વિજયી આંનદ સાથે વાંચ્યો ઈસુએ ઊભા રહીને ઘાટો પાડતા કહ્યુ 'જો કોઈ તરસ્યો હોય તો તે મારી પાસે આવીને પીએ શાસ્ત્રના વચન પ્રમાણે જે કોઈ મારા પર વિશ્વાસ કરે છે તેના પેટમાંથી જીવતાં પાણીની નદીઓ વહેશે.'

પછી તેઓ બધા બે કે ત્રણ જૂથમાં વહેંચાઈ ગયા અને એકબીજા સાથે વાત કરવા લાગ્યા. કેટલાક પ્રાર્થના કરતા હતા. જૂલીએ લોરીને પૂછયુ, ''જૂથમાં જે ચર્ચા થતી હતી તેની તમને સમજ પડી ?''

'ખાસ નહિ, કૃપાની નદી વિષે આ પહેલા મેં કદી સાંભળ્યું નથી. તે વિચાર ઘણો રસ ઉપજાવનારો છે.'

હવે મીટીંગ લગભગ પૂરી થઈ હતી પણ કોઈ ગયુ ન હતું કેટલાક ઊભા રહીને વાતો કરતા હતા જ્યારે ઘણા હજી જૂથમાં બેઠા હતા અને શાંત રીતે વાતો કરતા હતા. જૂલીએ પોતાના પતિને કહ્યું, ''ટીનો, આ કૃપાની નદી વિષે તમે અમને સમજાવશો ?''

'ખુશીથી !' તે લોરીની સામે અચકાતા અચકાતા બેઠો. કઈ રીતે સમજાવવું તે તે વિચારતો હતો. એકદમ તે જોરથી હસી પડયો. 'કૃપા એ મારો પ્રિય વિષય છે. દેવની કૃપા એટલે આપણી કમાણી કે લાયકાત વગર આપણને મળેલો બદલો, તેનો સંપૂર્ણ પ્રેમ અને અમાપ ભલાઈ. આપણે તેને કદી લાયક નથી જ્યારે પ્રભુ ઈસુ આપણને પાપથી છૂટકારો આપે છે ત્યારે આપણે ફક્ત વિશ્વાસ દ્વારા આ કૃપા પ્રાપ્ત કરીએ છીએ અને તે આપણા જીવન પર્યંત ચાલુ રહે છે. એટલું જ નહીં, અનંતકાળ સુધી ચાલુ રહે છે હું તેને નદી કહું છું કારણ કે બાઈબલ કહે છે, જ્યાં પાપ અધિક થયું ત્યાં કૃપા તેથી અધિક થઈ.' આગળ બીજા શાસ્ત્રભાગમાં પણ ઉપમારૂપે મહાન નદી વિષે લખ્યું છે જેના પાણી નિરોગી કરે છે અને તે દેવના રાજ્યસાનમાંથી નીકળે છે.

'આપણને તે ક્યાં મળે છે ?'' લોરીએ પૂછયું.

''આપણા તારાનાર પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરો કે તે તમને માફી બક્ષે. પવિત્ર આત્મા કે જે દેવ પિતા પાસેથી નીકળે છે તે વિશ્વાસ કરનારાઓને મફત ભરપૂર જીવન આપે છે. લોરી, તેણે નવું, પરિશુદ્ધ, ભરપૂર અને અનંતકાળ ટકનારું જીવન તમને આપવાનું વચન આપ્યું છે. તે સાવ મફત છે ! દેવનું અવાચ્ય દાન છે ! પવિત્ર શાસ્ત્રમાં યોહાન ૧૪ :૧૬-૧૭માં પ્રભુ ઈસુએ આકાશમાના સર્વશક્તિમાન પિતાને પવિત્ર આત્માનું દાન આપણા પર મોકલવા પ્રાર્થના કરી છે. તે જ નદી છે જે દેવની કૃપા આપણા સુધી લાવે છે.''

''મેં તેના વિષે કદી સંભળ્યું ન હતું.'' લોરીએ કબૂલ કર્યું. ''હું ફક્ત એટલું જ જાણતી હતી કે દેવ આપણા સારા અને ખરાબ કામો પ્રમાણે આપણો ન્યાય કરશે. મને નવાઈ લાગે છે કે શા માટે મારા માતાપિતા કે શિક્ષકોએ દેવની આ કૃપા વિષે મને જણાવ્યું નહિ.''

''બાઈબલ જણાવે છે કે આપણો મહાન શત્રુ શેતાન લોકોને આત્મિક રીતે આંધળા બનાવે છે.'' ટીનાએ સમજાવ્યું ''કૃપાના પ્રેમાળ પ્રવાહ તરફથી શેતાન આપણું ધ્યાન લલચાવીને દૂર કરે છે. દેવ તેના અનંત જ્ઞાન પ્રમાણે જે કોઈ માણસની સમજમાં ન આવી શકે શેતાનને તેમ કરવા દે છે. તે શેતાનને તેમ કરવા દઈને આપણા વિશ્વાસને પારખે છે. આપણે શેતાનનો સામનો કરવો જ જોઈએ અને દેવની કૃપાને આપણા જીવનમાં વહેવા દેવી જોઈએ. કેટલાક પોતે પોતાના જીવન પર રાજ કરવા માંગે છે અને દેવને તેમના હૃદયમાં પ્રવેશવા દેતા નથી. દેવનો આત્મા તેમના હૃદયમાં વિશ્વાસ જગાવે તેવું તેઓ ચાહતા નથી. જ્યારે આપણે આપણા પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરીએ છીએ ત્યારે જે દેવનો પ્રેમ પ્રાપ્ત થાય છે તે સમજવા માટે અમને તમારી મદદ કરવા દેશો એવી હું આશા રાખું છું.''

લોરીએ જૂલીને પૂછયું, ''તમે આજે સાંજે અહીં જે કર્યું તે તમારી ધ્યાન કરવાની રીત છે ? તમારા પતિ

ટીનો કોઈ દૈવી સ્વામી છે ?''

'અરે ના, સ્વામીનું જૂથ તો આ શેરીની પેલી બાજુ મળે છે. તે અને તેમના અનુયાયીઓ મેરીજુઆના કે કોઈ ભંયકર નશાખોરીના બંધાણી છે. આપણે તો અહીં ઘરનું ખ્રિસ્તી જૂથ, મંડળી કે નાનું ચર્ચ છીએ. તમે અહીં ભૂલથઈ આવી ચઢયા છો ?'

'મારી જીંદગીની આ એક ભાગ્યશાળી ભૂલ છે. આવો આનંદ અને પ્રેમ મેં ક્યાંય જોયો નથી.'

## પ્રકરણ - ૨
## વિક્ટર અને લોરીએ અનંતજીવનની ખાતરી કેવી રીતે મેળવી

ઘેર પહોંચીને લોરીએ વિક્ટરને દેવની કૃપાની અદ્‌ભૂત નદી વિષે સમજાવવાનો પ્રયત્ન કર્યો. 'તે નદી ઘણી મોટી છે. તે સ્વામી, ખ્રિસ્તી ગુરુ અથવા તેઓ તેમને જે કહેતા હોય તેમણે કહ્યું કે આ મહાન નદી એમેઝોન, નાઈલ અને ંગંગા એ બધી નદીઓને ભેગી કરો તેનાથી પણ મોટી છે અને તે ઈશ્વરના સિંહાસનમાંથી સ્વર્ગમાંથી નીકળે છે.'

'તું શું કહેવા માંગે છે ?' વિક્ટરે લોરીને પૂછયું, ''પૃથ્વી પર એવી કોઈ મોટી નદી નથી.''

'તેમના આગેવાન ટીનોએ જણાવ્યું કે આ કૃપાની નદી આપણે તેમાંથી ગમે તે પળે પી શકીએ એટલી આપણી નજીક વહે છે કારણ કે દેવનો પવિત્ર આત્મા આપણે શ્વાસ લઈએ એટલો આપણી નજીક છે.''

''તેઓ ખ્રિસ્તી છે ?''

''તેઓ કહે છે કે અમે ઈસુ ખ્રિસ્ત પર પ્રેમ કરીએ છીએ. તેઓએ તેમના વિષે ઘણું કહ્યું, તેમણે એમ કહ્યું કે દેવ પ્રતિ આપણો વિશ્વાસ નબળો પડે છે. ત્યારે આપણે શેતાનની જૂઠી વાતો સાંભળીએ છીએ અને જીવનના પાણીથી દૂર જઈએ છીએ. આપણો આત્મા તરસ્યો રહે છે. આપણો આત્મા સૂકો બને છે. તેમણે એ પણ કહ્યું કે જ્યારે આપણે દેવ પર શંકા કરીએ છીએ ત્યારે આપણે નિયમોનું પાલન કરનારા થઈએ છીએ.

''થોભી જા, તેં તો મને પાછો પાડી દીધો.'' વિક્ટરે આશ્ચર્યથી કહ્યું, '' તેં મીટીંગમાં ક્યું પીણું પીધું ? તેં નશો કર્યો છે? તેમણે નિયમની વાત કરી ત્યારે તેનો શો અર્થ છે ?''

''ઘણા પ્રશ્નો છે ! મને લાગે છે કે તેનો અર્થ એ છે કે આપણે આપણા બિનમહત્વના ધાર્મિક કૃત્યો વડે આપણને પવિત્ર બનાવવાની કોશિષ કરીએ છીએ. આપણે કૃપાની નદીથી દૂર જઈએ છીએ અને બીજાઓને પણ તેમાંથી પીવાથી રોકીએ છીએ. આપણા હૃદયોમાં દેવના કામનું સ્થાન આપણે માનવીય નિયમો અને ધાર્મિક કામોને આપીએ છીએ.''

''તેમણે તીવ્ર ધૂપ બાળ્યો હતો ?' જંગલી ચિત્રો વડે દિવાલો શણગારી હતી ? ઈલેક્ટ્રોનીક સાધાનોથી ઈન્દ્રિયાતીત અનુભૂતિ કરાવી હતી ?'

'ના, ના, તેવું કંઈ જ ન હતું, વિક્ટર, તેમણે સમજાવ્યું કે કૃપા વડે પ્રેમ, આનંદ અને માફી આવે છે. તે ઈશ્વર પાસેથી વહે છે અને માણસો સુધી પહોંચે છે. ઈલેક્ટ્રોનીક સાધનોથી, વૈભવી મકાનોથી, સુગંધીદાર ધુપથી કે અગમ્ય મંત્ર સ્વરોમાંથી ઉદ્‌ભવતી નથી.'

તે અઠવાડીયાના અંતમાં જૂલી અને ટીનોએ વિક્ટર અને લોરીની મુલાકાત લીધી. ટીનોએ વિક્ટરને પૂછયું. 'અમે તમને સુસમાચાર, એટલે ખ્રિસ્તના મરણ અને પુનરુત્થાનની વાત કહી શકીએ ? પ્રભુ ઈસુ જેઓ તેના પર વિશ્વાસ કરે છે અને દેવે તરફ ફરે છે તેઓને પાપની માફી અને અનંતજીવન આપે છે.'

'હા, કૃપા કરીને અમને સંભળાવો. લોરી, તેમને માટે ચા લાવ.'

ટીનોએ લુક ૨૪ : ૪૬-૪૮ વાંચ્યુ. અને ટૂંકમાં તે વાત કહી સંભળાવી. 'દેવ દરેક દેશના લોકોને જો તેઓ દેવ તરફ ફરે અને ખ્રિસ્તના મરણ અને પુનરૂત્થાનની સુવાર્તા પર વિશ્વાસ કરે તો પાપની માફી આપે છે.'

ટીનો અને જૂલીએ જતા પહેલાં બીજા દિવસ સાંજની તેમના ઘરની મીટીંગમાં તેમને આવવાનું આમંત્રણ આપ્યું તે મીટીંગમાં તેમના જૂથના વડીલ શ્રી ઈશ્માએલે વિક્ટરને કહ્યું. મેં સાંભળ્યું છે કે તમે વેલ્ડર છો. મારે નાનો મેટલ વર્કશોપ છે. અને મારે વેલ્ડરની જરૂર છે.

બીજા દિવસની વિક્ટર ઈશ્માએલના વર્કશોપના કામ કરવા લાગ્યો. તે રાતે વિક્ટર લોરીને પ્રેમથી બાઝી પડ્યો. અને બોલી ઉઠ્યો, 'તને લાગે છે આપણે પણ ખ્રિસ્તી લોકોની જેમ પ્રાર્થના કરી શકીએ અને આ નવી નોકરી ઈશ્વરે આપવા બદલ આભાર માની શકીએ ?'

'આ પહેલી જ વખત અમે અમારા શબ્દોમાં અમારા બીજા સાથીદારોની માફક પ્રાર્થના કરી.'

બીજી મીંટીગમાં વિકટર અને જૂલીએ સર્વસમર્થ દેવના દીકરા ઈસુના નામમાં પ્રાર્થના કરી અને તેમના તમામ પાપથી તેમનું તારણ કરવા માટે વિનંતી કરી. કેટલાંક વિશ્વાસીઓ તેમની સાથે ઉભા હતા. લોરીએ તેમને જણાવ્યું. 'હવે મને શાંતિ મળી છે.'

'હવે તમે પસ્તાવો કરીને પ્રભુ ઈસુ પર વિશ્વાસ કર્યો છે, તો તમારે બાપ્તિસ્મા લેવું જોઈએ' ટીનોએ તેમને જણાવ્યું.

'થોભી જાઓ, ટીનો' ઈશ્માએલે કહ્યું 'તેમના બદલાણની સાબિતિરૂપે તેઓએ પોતાના જીવનો પહેલા વ્યવસ્થિત કરવા જોઈએ. દરેક વસ્તુ વ્યવસ્થિત કરવી જોઈએ. વિક્ટર મારા વર્કશોપમાં રેણ કરે છે અને ઘણીવાર હથિયાર નિષ્ફળ જાય તો તેનાથી અયોગ્ય ભાષા વપરાઈ જાય છે. અને લોરીએ પણ ખ્રિસ્તી સ્ત્રીને શોભે તેવા કપડાં પહેરવા જોઈએ. તમે ઘણી સૌંદર્ય સામગ્રી વાપરો છો. વિક્ટર, તમારે ધુમ્રપાન છોડવું જોઈએ. તમારે બંનેએ કમસે કમ એક વર્ષ રાહ જોવી જોઈએ. અને અમારી નિતિ-રીતિ શિખવી જોઈએ. અને પછી જો તમે પાપમાં ન પાડો તો અમે તમને બાપ્તિસ્મા આપીએ.

લોરીને ઈશ્માએલને જવાબ આપવાની ઈચ્છા હતી પણ ઈશ્માએલ જેવા કડક માણસ આગળ તેની હિંમત ન ચાલી. ઈશ્માએલ પહોળી છાતી, કસાયેલા બાહુ અને મોટા મજબૂત હાથ ધરાવતો હતો. તેનો ચહેરો દૃઢ સ્વભાવ બતાવતો હતો. તે કદી હસતો ન હતો.

'ઈશ્માએલ,!' ટીનાએ વાંધો લીધો, 'પ્રેરીતોએ આ રીતે નવા વિશ્વાસીઓના વિશ્વાસની ખાતરી કરી ન હતી.' ઈશ્માએલે કંઈ ધ્યાન ન આપ્યું. તેણે વિક્ટરને એક કાગળ આપ્યું. 'આંમા નવા વિશ્વાસીઓ માટે પાળવાના નિયમો છે. ત્યાર પછી જ તમે અમારા જૂથના કાયદેસર સભ્ય બની શકશો. બધા નવા સભ્યોએ સૌ પ્રથમ નશાઓ, દારૂ, દુર્વાસના, પત્તાની રમત, ડાન્સ, ધુમ્રપાન, ગાળો અને જગતનું સંગીત અને એ ઉપરાંત પણ લીસ્ટમાં જણાવેલી બાબતો છોડવી પડે. તમારે અઠવાડીયામાં એક ઉપવાસ રાખવાનો અને રોજ ઓછામાં ઓછા બે કલાક પ્રાર્થના કરવાની તમારે પવિત્ર જીવન સાબિત તો કરી આપવું જ પડશે.'

જૂલીએ લોરીના કાનમાં કહ્યું 'મને લાગે છે કે ભાઈ ઈશ્માએલ ખોટી જગ્યાએથી આ બધું શીખી લાવ્યો છે. તેના આવા બિનજરૂરી નિયમો લોકોને દેવની કૃપાને સાચી રીતે પ્રાપ્ત કરવામાં શેતાનના હાથના હથિયાર બની શકે છે. એક સળગતું બાણ એટલે 'નિયમપાલન'

ઈશ્માએલે જૂલીના હોઠ ફફડતા જોયા એટલે તે વધારે જોરમાં આવ્યો. ''દેવની કૃપા બાબતે આપણે ખૂબ સાવધ રહેવું જોઈએ. ટીનો જેવી ઉતાવળ આપણે કરવા જેવી નથી. જ્યારે કોઈ પાપી વિશ્વાસ કરે છે ત્યારે આ સૂચિના પાપોથી દૂર રહીને ધાર્મિક જીવન જીવવા બાબતની મંજુરી મેળવવી જરૂરી છે.''

લોરીએ તે સૂચિ વિક્ટરને પાછી આપી અને ધીમેથી બોલી, 'મને આ સૂચિ યાદ રાખવું અઘરૂં લાગે છે.'

વિક્ટરે તે કાગળ ઈશ્માએલને પાછું આપ્યું. 'અમે જૂથની બહાર જ રહીશું. આ તો બહુ અઘરૂં છે સોરી !'

ટીનોએ વિક્ટરના શબ્દો સાંભળ્યા અને વિવેકપૂર્ણ ભાષામાં ઈશ્માએલને ઠપકો આપ્યો. 'તમે આ નવા

વિશ્વાસીઓ પાસેથી વધારે પડતી આશા રાખો છો. દેવની નજરમાં તેઓ તાજા જન્મેલા આત્મિક શિશુઓ છે અને તમે જે પુખ્ત વિશ્વાસીઓમાંથી પણ ઘણાં થોડા પહોંચી શક્યા છે તેવી માંગણીઓ મૂકી રહ્યા છો. તેમને આવા સંપૂર્ણ થવા માટે તેમનો અંગીકાર કરવામાં મોડું કરીને આપણે તેમને નિરાશ કરીને ગુમાવી દઈશું. આ તમારી સૂચિ તમારા મન પ્રમાણેનું છે અને તે શાસ્ત્ર અનુસાર નથી. વિક્ટર અને લોરીને કૃપા બાબતની ખાતરી દેવ પૂરી પાડે છે.' ટીનોએ પ્રેરીતોના કૃત્યોમાંથી નવા વિશ્વાસીઓના,લાંબી કસોટીની પરવા કર્યા સિવાય તાત્કાલિક બાપ્તિસ્મા થયા તે શાસ્ત્રપાઠ બતાવ્યો.

ઈશ્માએલે તે સાંભળ્યું અને બોલ્યો, 'એ પ્રાચીન સમય હતો.અને તે સમયે પરિસ્થિતિ જુદી હતી.'

'ઈશ્માએલ ! ટીનો બૂમ પાડી ઉઠ્યો. 'શું તમે ભૂલી ગયા કે વિક્ટર અને લોરી 'બાળક' વિશ્વાસીઓ છે ? તેઓ આત્મિક શિશુ અવસ્થામાં છે નવા જન્મેલા ! તમે જન્મ્યા ત્યારે તમારી માતાએ તમે બાળોતિયા બગાડવાનું બંધ કરો ત્યાં સુધી બહાર રોડ પર છોડી દીધા ન હતા. એ જ રીતે, જેમ પ્રેરિતોએ કર્યું તેમ, આપણે નવા વિશ્વાસીઓને માંડલિક શરીરની હુંફમાં પ્રવેશ આપવો જોઈએ. પ્રેરિતોએ જે ખરાબ માણસોએ વિશ્વાસ કર્યો તેમનો પણ અંગીકાર કર્યો અને તેમને વિલંબ કર્યા સિવાય બાપ્તિસ્મા આપ્યા. યહુદીઓ કે જેઓ દેવને ઓળખતા હતા અને વિદેશીઓ કે જેઓ પહેલી જ વખત દેવ વિષે સાંભળતા હતા તે બંને પ્રકારના લોકો સાથે બાપ્તિસ્મા પામ્યા. નવા વિશ્વાસીઓએ કરવાનું પહેલું કામ બાપ્તિસ્મા પામવું તે છે.

તે અઠવાડીયામાં પાછળથી પાઉલે જુવાન યુગલને બાપ્તિસ્મા આપ્યું. તેઓ આનંદિત હતા પરંતુ ઈશ્માએલે તેમને જે કહ્યું હતું તે બાબતે ગુંચવણમાં  પણ હતા.ત્યાર પછી ની મીટીંગ શરૂ થયા પહેલાં પાઉલ તેઓને નવા સભ્યો તરીકે જૂથમાં રજુ કરવા માંગતો હતો પણ ઈશ્માએલે વિક્ષેપ પાડ્યો, 'મારા તરફ ધ્યાન આપો !' તે દઢતાથી  બોલ્યો, ''જો કોઈના જીવનમાં પાપ હોય તો આપણે કાયદેસર રીતે તેમને સભ્ય તરીકે સ્વીકારી ન શકીએ.''

''પ્રેરિતોએ તેવા સભ્યોનો સ્વીકાર કર્યો હતો ઈશ્માએલ,'' ટીનોએ તેને વાર્યો, અને શાંત તેમજ મીઠા સ્વરે બોલ્યો, ''પ્રેરિતોએ આપણને બતાવ્યું છે કે નવા વિશ્વાસીઓનું પાપ કઈ રીતે તેમનો નકાર કર્યા વગર સુધારવું. વિશ્વાસીના આત્માનો નકાર કર્યા વગર પાઉલે ૧ કોરીંથીઓમાં ખરાબમાં ખરાબ પાપનો સુધારો બતાવ્યો છે. પાપ કરતા વિશ્વાસીઓને પાઉલે ખૂબજ કૃપાયુક્ત રીતે તેઓનું  સ્થાન દેવે દત્તકપુત્રો તરીકે ઠરાવ્યું છે તે યાદ કરાવ્યું છે. અને ખ્રિસ્તમાં તેઓ પુત્રો અને વારસ બંને ઠર્યા છે માટે ઈશ્વર રહિતની જેમ હવે નહીં જીવવા તેમને વિનંતી કરે છે.''

''તમે દેવના રાજ્યમાં ખૂબ સહેલાઈથી પ્રવેશ મેળવ્યો....'' ઈશ્માએલ વચ્ચે પડ્યો, ''ખ્રિસ્તી બનવું એ બહુ ગંભીર બાબત છે. ઉદાહરણ તરીકે જૂના કરારમાં સાબ્બાથ દિને કામ કરનારને પણ પથ્થરે મારવાની સજા હતી.''

''ઈશ્માએલ, મને મારું બોલવું પૂરૂં કરવા દો - '' ટીનોએ વિનંતી કરી ''નવા ખ્રિસ્તીઓમાં ભૂલો હોય છે.કેટલીક ભૂલો માટે જ દેવે પોતાના ટોળાને કોમળતાથી ચલાવનાર પાળકો આપ્યા છે. નવા કરારમાં બાપ્તિસ્મા ખરાબ લોકો માટે હતું વિક્ટર અને લોરી લાયક છે કારણકે તેમણે પાસ્તવિક હૃદય સાથે પોતાના પાપ પ્રભુ આગળ કબૂલ કર્યા છે. ''

''તમે  મંડળીને નીચી પાડો છો.'' ઈશ્માએલે કઠોર ફરિયાદ કરી.

''તમે દેવની કૃપાને નીચી પાડો છો.'' ટીનાઓ દઢતાથી જવાબ આપ્યો,  ''જ્યારે ધાર્મિક લોકોએ યોહાના બાપ્તિસ્મા કરનારને તેમનું બાપ્તિસ્મા કરવા કહ્યું અને ધાર્યું કે અમે સારા છીએ ત્યારે યોહાને તેમને સર્પો કહ્યા અને ના પાડી.  પણ તે જ વખતે જેઓએ પોતાના ભૂંડા પાપ કબૂલ કર્યા તેવાઓને તેણે બાપ્તિસ્મા આપ્યું તેઓની ખરાબ આદતો વિષે પાછળથી મંડળીમાં કે જ્યાં પવિત્ર આત્મા સક્રિય છે ત્યાં તેમણે વ્યવહાર કર્યો અને તેમને પાળકીય કાળજી આપી. આપણે બાપ્તિસ્મા માટે નિયમોનો બોજો મૂકીના શકીએ.''

''પણ હવે તો પરિસ્થિતિ બદલાઈ ગઈ છે.'' ઈશ્માએલે રટણ ચાલુ રાખ્યું.

''ચોક્કસ'' ટીનોએ સ્પષ્ટતા કરી, ''સમાજ બદલાયો છે. વિજ્ઞાન વિકાસ પામ્યું છે.પણ તેનો સંબંધ દૈહિક બાબતો સાથે છે. બાપ્તિસ્મા અંગેની આત્મિક વાસ્તવિકતાઓ ન બદલાય તેવી છે. પાપ એ હંમેશા પાપ છે. અને કૃપા તે હંમેશા કૃપા છે. ઈસુ સદા એવો ને એવો જ છે. દેવના નવા જન્મેલા બાળકોને દેવની મફત કૃપા પૂરી પાડવાની મંડળીની જવાબદારી કદી બદલાઈ નથી. શાઉલને દમાસ્કસના માર્ગ ઉપર કૃપાની જેટલી જરૂર હતી તેટલી વિક્ટર અને લોરીને આજે છે.''

ઈશ્માએલ જુવાન યુગલ સામે જોઈ રહ્યો. ઈશ્માએલ જુવાન યુગલ સામે જોઈ રહ્યો, ''ટીનો શું કહે છે તેની મને પડી નથી. તું મારે ત્યાં કામ કર, વિક્ટર હું કહું તેમ કરજે.''

''તેઓ ખ્રિસ્તની જ આજ્ઞાઓ માનશે.'' ટીનાએ ખાતરીપૂર્વક કહ્યું, ''ભાઈ ઈશ્માએલ, કૃપા કરીને ખામોશી રાખો. અમે નવા વિશ્વાસીઓને ફક્ત ઈસુને આધિન થવાનું કહીએ છીએ. તેઓ પ્રેમથી ઈસુની આજ્ઞા માનશે, અમે તેમને ડરાવીશું એટલે નહિ. પ્રેરિતોએ નવા વિશ્વાસીઓને જે કરવાનું કહ્યું તે કરતાં વિશેષ દબાણ કરવાનો અમને અધિકાર નથી. ભાઈ ઈશ્માએલ, તેઓ ઈસુ કરતાં તમારી આજ્ઞાઓ માને તેમ તમે ચાહો છો ?ઈસુ અને તેમના પ્રેરિતો કરતાં તે તમારું અનુસરણ કરે અને તમારા નિયમો પાળે તેમ કહો છો ?''

ઈશ્માએલે કહ્યું, ''હું મુલાકાતીની ઓળખાણ આપીશ આ ચર્ચા શરુ થઈ તે પહેલાં એક ભાઈ આ રૂમમાં પ્રવેશ્યા હતા. ''ઈશ્માએલે જાહેરાત કરી. ''આર્થર તેમનું નામ છે. તેઓ ખાસ આત્મિક માણસ છે. તેઓ મોડે સુધી રાતે ટેક્ષી ચલાવે છે. કે જ્યારે આપણે ઊંઘતા હોઈએ. દિવસે તેઓ પ્રભુની સેવા કરે છે. તેઓ ક્યારે ઊંઘે છે તે જ હું જાણતો નથી.''

બધાએ શ્રી આર્થરનો આવકાર કર્યો. પછી ઈશ્માએલે તેમને પૂછયું, ''આપણે જે ચર્ચા કરી તે બાબતે ભાઈ આર્થર, તમારો શો અભિપ્રાય છે ?''

''તમે અઠવાડિયામાં એક વખત ઉપવાસ કરવાનું કહ્યું તે મને ગમ્યું. મારી પાસે તમારા સૂચિમાં ઉમેરાવા માટે કેટલીક વધારે બાબતો છે.જે જૂથ કડક નિયમ પાલન કરે છે તે વધારે આત્મિક કહેવાય ! હા, પણ એ ધ્યાન રાખવું કે નવા વિશ્વાસીઓ પ્રમાણિક હોવા જોઈએ.''

ટીનોએ દલીલ કરી, ''ઈશ્માએલ અને આર્થર, તમે બંને ઘણા નિયમોનો બોજો મૂકવા માંગો છો તે આપણને જૂના કરારમાં દોરી જશે.'' તેણે લોરી અને વિક્ટરના ચિંતાગ્રસ્ત ચહેરા જોયા અને બોલ્યા. ''આપણે હવે આ ચર્ચા અહીં બંધ કરીએ.''

આર્થરે તે પર ધ્યાન આપ્યું અને તેના માનવા પ્રમાણે સાચા વિશ્વાસીએ કરવા જેવી વધારે બાબતો વિક્ટરને સમજાવી. પછી આર્થરે ટીનોને પૂછ્યું, ''જૂનો કરારના કેટલાક નિયમો પાળવામાં વાંધો શો છો ? ''

''તમારું જૂના કરારનું વલણ છે તે જ વાંધો છે. જૂના કરાર પ્રમાણે માણસે દેવની મંજુરી પ્રાપ્ત કરવા માટે કરણી કરવી જરૂરી હતી. નવો કરાર કે જે પ્રભુ ઈસુએ પોતાના જ લોહી વડે મુદ્રાંક્તિ કર્યો છે તે કૃપા વિશ્વાસ વડે આપે છે. (કરણી વડે નહિ) દેવ આપણને પોતાના હાથોમાં ખ્રિસ્તના પુનરુત્થાન વડે આવેલી કૃપા વડે ઊંચકી રાખે છે - આપણા સારા કામોથી નહિ. વિક્ટર અને લોરી જેવા નવા વિશ્વાસીઓ માટે એફેસી પહેલો અધ્યાય પુષ્કળતાથી દયા, પ્રેમ અને શાંતિની લહાણી કરે છે જે આપણે માણી શકીએ છીએ.''

''હા, જરૂર. હું મારા તમામ સભ્યોને તેમની આવકના દસમા ભાગ કરતા વધારે અપાવું છું. તે દ્વારા દેવના કામને મદદ મળેછે. તમે જૂઓ અમે તે પૈસા દ્વારા શુ કરીએ છીએ. અમારા જૂથ માટે ભારે લાકડાનું પુલપીટ લાવ્યા છીએ ! અમે આવા ખર્ચા કરી શકીએ છીએ. હું બધા વિશ્વાસીઓને વધારે દાન આપવા આગ્રહ રાખું છું. હા ! હા ! તેઓ પાસે દેવ છે એ સાબિત થવા દો.!''

લોરીએ ધીમેથી વિક્ટરને કહ્યું, ''આર્થરની આંખો તો મને ઘુવડ જેવી લાગે છે.''

આર્થર (ટેક્ષી ડ્રાઈવર) કઠોરતાથી બોલ્યે જતો હતો વચ્ચે વચ્ચે રોકાઈને હોઠ પર જીભ ફેરાવીને ભીના કરી

લેતો હતો. તેના શબ્દો મશીનગનની જેમ બહાર પડતા હતા. તે આજુબાજુ જોઈ લેતો હતો. જાણે કોઈ પાછળ પડયું હોય.

આખા જૂથના ડીસ્કશન (ચર્ચા) પછી તેઓએ નાના જૂથ પાડયા કે તેઓ શું શિખ્યા હતા. તેની ચર્ચા કરે, પ્રવૃત્તિઓનું આયોજન કરે અને પ્રાર્થના કરે. ટીનો વિક્ટર અને લોરી પાસે બેઠો. વિક્ટરે પૂછયું. ''તમે એમ કહો છો કે દેવની તરફેણ પ્રાપ્ત કરવાને માટે આર્થર અને ઈશ્માએલ કહે છે તેમાંનું કંઈપણ કરવાની જરૂર નથી.?''

''જ્યારે આપણે સારા કામ કરીએ છીએ ત્યારે દેવ હંમેશા પ્રસન્ન થાય છે. તમે અત્યારે જે સારા કામ કરો છો તેનો બદલો તમને દેવ આકાશમાં આપશે. પણ આપણા એ સારા કામ આપણું તારણ કરી શકતા નથી. કેવળ ખ્રિસ્ત આપણું તારણ કરી શકે છે. તેના મરણ અને પુનરુત્થાનમાં આપણને વિશ્વાસ દ્વારા ભાગીદાર થવા દઈને તેણે તેમ કર્યું છે સારા કામો દેવને પ્રસન્ન કરવા માટે જરૂરી છે, પણ તે આપણા જીવનમાં દેવના તારણના પરિણામરૂપે અને તેનું જે પરાક્રમ આપણામાં કાર્ય કરે છે તેના પરિણામરૂપે હોય ત્યારે જ.

બીજા દિવસે ટીનોએ વિક્ટર અને લોરીની મુલાકાત લીધી અને તેમને કહ્યું, ''દેવની કૃપા બાબતમાં અમારી દલીલબાજી ગઈકાલે તમારે સાંભળવી પડી માટે હું દિલગીર છું. દેવનું વચન ખાતરી પમાડે છે. કે એક સર્વોચ્ચ અને સંપૂર્ણ પવિત્ર દેવે તમને પાપની માફી આપી છે. તમે તેમના પર વિશ્વાસ કર્યો અને તેમણે જીવન પરિવર્તન કરનારૂં કાર્ય તમારામાં શરૂ કરી દીધું છે. તે તેના હાથમાં તમને સલામત રાખે છે. અને તે અનંતકાળ સુધી તેમ કરતો જશે. પ્રભુ ઈસુએ યોહાન ૧૦ માં અધ્યાયમાં તેમ કહ્યું છે.

વિક્ટરે જણાવ્યું, ''મેં અને લોરીએ દેવની કૃપા પ્રાપ્ત કરી છે તે બાબતે ઈશ્માએલને ખાતરી નથી. જો અનુભવી વડીલો જેવા કે ઈશ્માએલ અને આર્થર શંકા રાખે તો મને અને લોરીને કેવી રીતે ખાતરી થાય ?''

''એટલા માટે તો હું તમને મળવા આવ્યો. ગઈ કાલે મેં આપણા વિસ્તારના બીજા વડીલો સાથે ચર્ચા કરી. તેમણે પણ જણાવ્યું કે ખ્રિસ્તના શરીરમાં અંગ બનવા માટે અને બાપ્તિસ્મા માટે માનવરચિત નિયમો પાળવાની જરૂર નથી. દેવની કૃપાની ખાતરી સમજવા માટે આવો, આપણે રૂમી આઠમો અધ્યાય વાંચીએ. તમને તે વાંચવાનુ ગમશે ?''

વિક્ટરે રૂમી ૮ મોટેથી વાંચ્યો. જ્યારે તેણે વિવરણ વાંચ્યું કે ખ્રિસ્તમાં જે વિશ્વાસ કરનારા છે તેઓને દેવના અનંત પ્રેમથી અલગ કરવા અશક્ય છે ત્યારે લોરી રડવા લાગી.

''એજ પુનઃખાતરી છે !'' વાંચવાનું પુરૂ કરીને વિક્ટર બોલી ઉઠ્યો ! '' ઈશ્માએલ અને આર્થરની વાતોથી આપણે હતાશ થઈ ગયા. તે તો જાણે પેટમાં પ્રહાર કરનાર જેવું હતું. હવે આપણે ક્યાં સુધી શંકા રાખીશું ?''

''એ તો તમને શેતાનનો એક બળતો ભાલો મારવામાં આવ્યો હતો.'' ટીનોએ કહ્યું.

લોરીએ સ્મરણ કર્યું, જૂલી કહેતી હતી કે એ ભાલા ઉપર 'નિયમપાલન' નું લેબલ હતું. તે ઘણું પીડાકારક હતુ. આ માટે કોઈ રક્ષણ નથી. ભાઈ ટીનો ?

''સર્વશક્તિમાન રક્ષણ પૂરૂં પાડે છે. દેવના વચનની સલાહ પ્રમાણે વિશ્વાસની ઢાલ આપણે મક્કમપણે પકડી રાખીને આવા બળતા ભાલા હોલવી શકીએ છીએ.

''એ વચન બતાવશો ?'' વિક્ટરે વિનંતી કરી.

''હા, એફે. ૬ઃ૧૦-૧૮ માં દેવના હથિયારો આપેલા છે જે આપણે શેતાન સામે વાપરી શકીએ છીએ.''

આ વચનો વાંચ્યા પછી વિક્ટર આનંદિત થઈ ઉઠ્યો. ''જરા વિચારો તો - જો ગઈ કાલે આપણે દૂતોની આંખોએ જોયું હોત તો શેતાનને આપણે બાણ અને ભાલા સાથે જોઈ શક્યા હોત. નિયમપાલનનો ભાલો મારતા આપણે તેને જોયો હોત.''

''નિયમ બાબતે ઈસુએ આપણને ચેતવ્યા છે.'' ટીનોએ ઉત્તર વાળ્યો, ''એ ફરોશીઓના વાયરસ છે. જ્યારે ઈસુ પાપીઓને દેવની મફત કૃપા બક્ષતા હતા ત્યારે ધાર્મિક આગેવાનો ઈસુનો વિરોધ કરતા હતા. આપણને ભૂંડી સલાહ આપનાર આપણા મિત્ર ઈશ્માએલની જેમ ફરોશીઓ પણ સંપૂર્ણતાની માંગણી મૂકતા હતા. આવો આપણે આપણા વિશ્વાસની ઢાલો વાપરીએ.''

**અભ્યાસ**

દેવ વિશ્વાસ કરનારાઓ ઉપર પ્રેમ રાખે છે, તેમનો અંગીકાર કરે છે અને માફી બક્ષે છે તેની ખાતરી પમાડવાનો વધુ સારો રસ્તો કર્યો ?

- ☐ દેવના વચન પર અને તેના પ્રેમ પર વિશ્વાસ મૂકતા શીખવો.
- ☐ તેઓને ઘણા કડક નિયમો પાળવા માટે આપો.

(કલો. ૨:૨૦ થી ૩: ૧માંથી જવાબ મેળવો)

ખ્રિસ્તને આધિન થવા માટેનો સારો હેતુ વિશ્વાસીઓ માટે ક્યો છે ?

- ☐ પ્રેમથી
- ☐ ભયથી

(જવાબ માટે યોહાન ૧૪:૧૫

દેવની કૃપાને વખાણવા માટે મંડળીમાં વિશ્વાસીઓને તમારી યોજના સમજાવો.

____________________

____________________

____________________

____________________

____________________

____________________

____________________

____________________

____________________

____________________

**પ્રકરણ - ૩**

**વિક્ટર અને લોરીએ ઘરડા સર્પનો કઈ રીતે સામનો કર્યો**

**(અજગર- શેતાન)**

ટવેન્ગ !

વિક્ટર અને લોરીથી અદશ્ય, માનવજાતનો દુશ્મન તેમની સામે જે તીર તાકે છે. તેનું નામ છે. ‘ભય’

ટવેન્ગ !

બીજુ મિસાઈલ છૂટ્યું, તેનું નામ ‘અવિશ્વાસ’

દુશ્મને ફરીથી નિશાન તાક્યું. ઈશ્માએલ અને આર્થરની સામે. ટવેન્ગ ! ટવેન્ગ ! બે બળતા તીર, જેમના નામ છે, ‘ભૌતિકવાદ’ અને ‘‘બૌધિકવાદ’’ તેઓ પૃથ્વી તરફ ઉડ્યા.

તમામ અશુધ્ધ આત્માઓનો અધિપતિ, ક્રૂર, અટ્ટાહાસ્ય કરે છે અને પોતાના અશુધ્ધ આત્માને આજ્ઞા કરે છે.‘‘આ બધાથી વધારે ભયંકર મિસાઈલ લાવો. આપણે અત્યારે જ છોડીએ !’’

અશુધ્ધ આત્માએ મિસાઈલ સળગાવ્યું અને શેતાને તાક્યું. ટવેન્ગ! ‘સત્તાની ભૂખ’ નામનું એ મિસાઈલ પૃથ્વી પર તેના માર્ગમાં ઉડ્યું. - ટીનોના ગ્રુપ ઉપર.

'હવે જલ્દીથી દેવની કૃપા વહેતી બંધ પડશે' - ભૂતોના અધિપતિએ શેખી મારી.

બીજી મીટીંગ વખતે જ્યારે શરૂઆતના ભજન માટે તેઓ રાહ જોતા હતા ત્યારે ઈશ્માએલે જાહેરાત કરી. ''મારી પાસે સારા સમાચાર છે. આર્થર જે જૂથમાં આગેવાની કરે છે તે છોડીને આપણા જૂથમાં આવવાનો તેણે નિર્ણય કર્યો છે. તે અનુભવી છે અને કડક શિસ્તપાલનનો આગ્રહી છે''

વિક્ટરે લોરીને ધીમેથી કહ્યું, ''તે તારા માટે ઘુવડ છે.'' લોરી હસવું ન રોકાવાથી મોં છુપાવવા લાગી.

ટીનોએ આર્થરને પૂછ્યું ,''તમે તમારું જૂથ શા માટે છોડ્યું ?''

તેઓ આત્મિક નથી. એક આગેવાન તરીકે હું તેમનામાં જે કામો કરવા માંગતો હતો તે સાથે તેઓ સંમત ન હતા. મારી ફરજ છે કે મારે તેમની સંગત છોડવી જોઈએ. હા, તેઓ ખરા ખ્રિસ્તીઓ નથી. તે એકદમ ફરી ગયો. અને ટીનો સાથે વાત કરવા લાગ્યો.

''બંદૂકનો ઘોડો દબાયો છે.'' લોરીએ વિક્ટરને ધીમેથી કહ્યું

સભા દરમ્યાન જ્યારે પણ તક મળી ત્યારે ઈશ્માએલ અને આર્થર એકબીજા સાથે ગુસપુસ કરવા લાગ્યા. ટીનો અંકુશ ગુમાવતા જતો હોય તેમ લાગતુ હતુ. જ્યારે મેજની સેવાનો સમય આવ્યો ત્યારે ઈશ્માએલે નવા વિશ્વાસીઓને સલાહ આપી.

''જો પાછલા અઠવાડીયામાં તમે કંઈ પાપ કર્યું હોય તે મેજમાં ભાગ લેશો નહી.''

આર્થરે પણ તે બાબતે ભાર મૂક્યો. ''''તમે નવા વિશ્વાસીઓએ હજુ સમજવાનું છે. મેજની સેવા વખતે દેવ કોઈ ખાસ બાબત કરતો નથી. તે કોઈ મર્મ પણ નથી. આ એક દેખીતી મદદરૂપ બાબત છે જે આપણને ખ્રિસ્તનું મરણ યાદ દેવડાવે છે. પવિત્ર આત્મા કોઈ ચમત્કાર કરતો નથી. રોટલી ફક્ત ખ્રિસ્તનું શરીર દર્શાવે છે. તે ફક્ત આપણને યાદ દેવડાવવા માટે છે. વધારે કંઈ નહિ.તે ખ્રિસ્તનું શરીર છે તેવું તમે સાંભળો તેમ હું ઈચ્છતો નથી, તે ખ્રિસ્તના શરીરની ઉપમા છે.''

ટીનોએ તેનો જવાબ આપ્યો. ''આર્થરે પ્રભુની મેજ વિષે હમણાં જે કહ્યું તે માત્ર તેમનો અભિપ્રાય છે. આ સેવામાં ખાસ મર્મ સમાયેલો છે તે તમે જાણો એવું હું ઈચ્છું છું.''

આર્થર દલીલ કરવા લાગ્યો. પણ ટીનોએ કહ્યું ''આપણે હમણાં આ વિષે દલીલ નહીં કરીએ. આપણે અહીં ભજન માટે આવ્યા છીએ. જો તમારે ચર્ચા કરવી હોય તો આપણે પછી મળીશું.''

કેટલાક દિવસ પછી ટીનો અને જૂલીએ ફરીથી વિક્ટર અને લોરીની મુલાકાત લીધી. તેઓ બાપ્તિસ્મા લીધા પછી તેઓ ઝડપથી આત્મિક વૃદ્ધિ પામી રહ્યા હતા.

બે ભાઈઓ વાત કરતા હતા ત્યારે બંનેની સ્ત્રીઓ રસોડામાં ગઈ. જૂલીએ પૂછયું, 'આજે સાંજે તું કંઈ મુશ્કેલીનો સામનો કરતી હોય તેમ લાગે છે. લોરી.'

''મને અશાંતિ છે જૂલી. પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરતી વખતે હું જે આનંદનો અનુભવ કરતી હતી તે હમણાં ચાલ્યો ગયો છે. મારા માટે કૃપાની નદી સુકાઈ ગઈ હોય તેમ લાગે છે. મેં કોઈ ખરાબ બાબત કરી છે. મેં વિક્ટર સાથે દલીલ કરી કે ક્યારે મારે કબૂલાત કરવી જોઈએ. હું શરમજનક રીતે હઠીલી હતી. હું તમારી જેમ દરેક સમયે સારી વર્તણૂક કરી શકતી નથી. હું નિષ્ફળ અને નકામી છું !''

''નહિ લોરી, તું હજુ નવી વિશ્વાસી છે અને ખ્રિસ્તમાં બાળક છે. અમે પણ આવી નિષ્ફળતાઓ અનુભવી છે.''

''શું દેવે ખરેખર અમને તારણ આપ્યું છે ? ઈશ્માએલ અને આર્થરનું સાંભળ્યા પછી અમે હતાશ થઈ ગયા છીએ. તેઓ અમને ઘણી બધી બાબતો કરવાનું કહે છે. આપણે દેવની કૃપાને લાયક છીએ કે નહિ તે બાબતે વિક્ટરને શંકા છે.''

''આપણામાંનું કોઈ દેવની કૃપાને લાયક નથી, લોરી -'' જૂલીએ તેને યાદ દેવડાવ્યું. ''પવિત્ર આત્મા

તમારામાં રહે છે તે સર્વ કૃપા લાવે છે. તમારા માટે સર્વ સમયે તે કૃપા તૈયાર રાખે છે. આપણે ફક્ત તે મેળવવા હંમેશા તૈયાર રહેવું જોઈએ. તે તો દેવની હાજરીની સભાનતામાં લાવે છે.''

''પવિત્ર આત્મા કઈ બાબતો લાવે છે.? જ્યારે આપણે શરમિંદા હોઈએ ત્યારે આપણે દેવની કૃપાની ખાતરી કેવી રીતે પામી શકીએ ?

''આપણે ટીનોને પૂછીએ અને તે સમજાવશે. લોકોને દેવના વચનો સમજાવવામાં તેમને આનંદ આવે છે.''

તેઓ આગળના રૂમમાં આવ્યા. જૂલી બોલી, ''ટીનો આપણે દેવની કૃપા પ્રાપ્ત કરી છે તે બાબતે ખાતરી કઈ રીતે પામી શકીએ ?''

''દેવ તેના બાળકોને આનંદ, શાંતિ અને અન્ય સ્વર્ગીય સુખો આપે છે.'' ટીનોએ જવાબ આપ્યો. ''આ કૃપા દેવ તરફથી કેટલાક માર્ગે આવે છે. આપણે દેવના આત્માના પરાક્રમથી એકબીજાની સેવાના કાર્યો કરીએ છીએ ત્યારે દેવના વચન દ્વારા અને આપણાં હૃદયમાં તેના કાર્યો દ્વારા તે આપણને પ્રાપ્ત થાય છે તે બાપ્તિસ્મા, પ્રાર્થના અને મેજની સંગત દ્વારા પણ પ્રાપ્ત થાય છે.''

''હું અને વિક્ટર દેવના વચનનો અભ્યાસ અને પ્રાર્થના કરીએ છીએ.' લોરી બોલી. ''અમે બાપ્તિસ્મા પામ્યા છીએ અને પ્રભુની મેજમાં ભાગ લઈએ છીએ. અમે બીજાઓની સેવા કરવા ચાહીએ છીએ. પણ મને હજુ શરમ અને ભય લાગે છે. કારણકે મેં કેટલીક ખરાબ બાબતો કરી છે.''

''શેતાન ફરીથી તેનું બળતું બાણ તારા તરફ છોડી રહ્યો છે. લોરી તે તારા મનને શંકાના ઝેરથી ભરવાનો પ્રયત્ન કરે છે. ઘણાં વિશ્વાસીઓના શરૂઆતનો આનંદ નબળો પડે પછી આવું બને છે. આપણે આપણી લાગણીઓ ઉપર ભરોસો રાખવો ન જોઈએ.''

વિક્ટરે કહ્યું ''આર્થરનું સાભળ્યાં પછી હું પણ શંકાની લાગણીને રોકી શકતો નથી. હું સમજતો નથી કે શા માટે આમ થાય છે.''

''આર્થરનું તાત્પર્ય સારૂં છે પણ તે એક બૌદ્ધિક છે.''

''બૌદ્ધિક એટલે ?''

''ખ્રિસ્તી બૌદ્ધિકો દેવના વચનને માણસની દલીલો વડે સમજાવે છે. તેઓ વિચારે છે કે કોઈ પણ બાબત વિશ્વાસ મૂક્યા પહેલાં તેમણે તે આખી સમજવી જોઈએ. પણ કોઈ પણ માણસ દેવની કૃપા માનવીય દલીલો વડે સમજી શકે નહી. કૃપા બિનવિવાદાસ્પદ છે. જ્યારે ન્યાય વિવાદ કરી શકાય તેવી બાબત છે. દયા પણ વિવાદથી સમજી શકાય. પણ કૃપાતો દરેક માનવીય દલીલોને રદ કર છે કારણ કે તે બિનલાયકને માટે છે. જ્યારે માણસો ઈસુના મોં પર થૂંક્યા અને તેનું અપમાન કર્યું, લાફા માર્યા અને વધસ્તંભે જડ્યા. ત્યારે તેમણે જવાબમાં તેમને પીડા આપનારાઓને પ્રેમાળ માફી આપી. તે પરિશુદ્ધ કૃપા છે. આપણી માનવીય સમજણથી બહાર.

આર્થરે એટલા માટે કહ્યું કે મેજની સેવામાં કોઈ મર્મ નથી ?'' વિક્ટરે પૂછયું ''એ બાબત મને વાંધાજનક લાગી. ૧ કોરીથ ૧૦ :૧૬ માં આપણે વાંચીએ છીએ કે આપણે ખ્રિસ્તના શરીરમાં ભાગીદાર થઈએ છીએ. તે જ સાચો મર્મ મને જણાય છે.''

''તે ઘણું મૂલ્યવાન છે !'' લોરીએ આનંદસહિત કહ્યું.

''તે ખરેખર દૈવી મર્મ છે'' ટીનોએ ખાતરી આપી. ''દેવની નજરમાં તે ગંભીર છે. ૧ કોરીંથ ૧૧માં લખ્યુ છે કે જે વિશ્વાસીઓ પ્રભુના શરીરનો ભેદ સમજ્યા વગર મેજમાં ખાય કે પીવે છે તેમને પ્રભુ શિક્ષા કરે છે.આમ છતાં આર્થર આ સેવાનો અર્થ તેની પોતાની માનવીય બુધ્ધિથી કરે છે. કોઈ પણ દૈવી બાબતનો તે નકાર કરે છે તે વિચારે છે કે આપણે ભેગા મળીને રોટલી ભાંગીએ છીએ ત્યારે પવિત્ર આત્મા આરામ કરે છે. હું પણ એક સમયે તે જ રીતે વિચારતો હતો પણ મેં પ્રભુને મારા શક માફ કરવા પ્રાર્થના કરી. અને પ્રભુ એ તેમ કર્યું, લોરી. મેં મારા પોતાના વિચારોને શંકાથી જોવાની ટેવ પાડી છે. દેવના વચનોને નહિ.''

''આ મર્મ એટલે શું ?'' વિક્ટરે પૂછયું.

''ઈસુ અને પ્રેરિત પાઉલ બંને એ કહ્યું છે કે આ રોટલી તે ખ્રિસ્તનું શરીર છે. તેઓએ એમ નથી કહ્યું કે તે ખ્રિસ્તનું શરીર દર્શાવે છે. રોટલી તો રોટલી જ રહે છે. પરંતુ આત્મિક દષ્ટિએ તે ખ્રિસ્તનું શરીર છે. તે પ્રતિક હોઈ શકે, પરંતુ જો આપણે વિશ્વાસથી તે લઈએ તો તે પ્રતિક વાસ્તવિક પરાક્રમ બની જાય છે.''

''મેં અનુભવ્યું કે મેજ વખતે પ્રભુ કાર્ય કરી રહ્યો હતો.'' વિક્ટરે પોતાને જે અનુભવ થયો તે કહ્યું ''મને લાગ્યું કે ખ્રિસ્ત ખરેખર હાજર છે. હવે મને સમજ પડે છે કે શા માટે. પણ મારા મનમાં બીજો એક પ્રશ્ન છે. ઈશ્માએલના મિત્ર આર્થર લોકોને દાન આપવા દબાણ કરે છે, મંડળીની તિજોરીને વધારવા તે પ્રયત્નશિલ છે. તેની કહેલી બીજી બાબતો પણ મારામાં અપરાધભાવ જગાડે છે. તમે અને આર્થર બંને બાઈબલ વાપરો છો પણ તમારી સેવાથી મને અપરાધભાવ થતો નથી. આવું શા માટે થતું હશે?''

''મારુ માનવું છે કે આર્થર ભૌતિકવાદી છે ટીનો, તેના ધારવા પ્રમાણે જેની પાસે ભૌતિક સંપતિ વધારે હોય તેના ઉપર દેવની કૃપા વધારે છે. તે એમ પણ માને છે કે જે ચર્ચ પાસે કિંમતી મિલકતો હોય તે ચર્ચ ખૂબ જ સફળ છે. હું એક સમયે તેના જૂથમાં જતો હતો. દેવની સેવા કેવી રીતે કરવી તે વિષેના બીજા સભ્યોના મંતવ્યો સાથે તેને અંટસ થાય કરતો હતો. તે સભ્યો બિનખર્ચાળ પ્રોજેક્ટો રજુ કરે તો પણ તે 'આ પ્રોજેક્ટ મંડળીના નાણાં ખેંચી જશે.' એમ કહીને વિરોધ કરતો. આપણે તેને અને ઈશ્માએલને માટે પ્રાર્થના કરવી જોઈએ. તેમના પર જગતના પ્રવાહોનો પ્રભાવ છે. ઘણીવાર તેઓનું કહેવું સારું હોય છે. ઘણા સારા વિશ્વાસીઓ ઘણીવાર માણસ અને અશુદ્ધ આત્માઓ દ્વારા સૂચનો મેળવતા હોય છે અને પ્રભુના સૂચનો સમજી શકતા નથી.''

એક મહિના પછી ટીનો કેટલાક નાના જૂથોના પાળકોને મળ્યો. તેઓ કઈ રીતે કાર્ય કરે છે તે જોવા માટે તેણે વિક્ટરને પણ પોતાની સાથે આવવાનું આમંત્રણ આપ્યું. મીટીંગ વખતે ટીનોએ સૂચન કર્યું, 'હું જે જૂથ ચલાવું છું તે ઘણું મોટું થઈ ગયું છે. મારે બીજા બે નવા જૂથો બનાવવા છે. મારી ઈચ્છા છે કે એમાંનું એક જૂથ વિક્ટર અને લોરીના ઘરમાં મળે. તેઓ ખ્રિસ્તમાં સારી વૃદ્ધિ પામી રહ્યા છે. અને પોતાનું ઘરનું જૂથ ચલાવવા તેઓ ઝડપથી શક્તિમાન બનશે. હું અને જુલી તેમને શિક્ષણ આપીએ છીએ''

''એનાથી તો ભાગલા પડશે, ટીનો!'' ઈશ્માએલ આવેશથી ધ્રુજવા લાગ્યો. જો આપણે નવા વિશ્વાસીઓને ઘરની મંડળીઓ ચલાવવા દઈએ તો તો ભાગલા જ પડે.''

આર્થરે સાથ આપ્યો, ''તમારા જેવા પ્રગતિશિલ વિચારકો પર હું ભરોસો મૂકતો નથી, ટીનો તેઓ હંમેશા નવું શરુ કરવા માંગતા હોય છે. આ ઘરની મંડળીઓ શરૂ થવા ઉપર તો કડક મનાઈ ફરમાવવી જોઈએ. આપણે કડક કાયદાઓની જરૂર છે. આવા નાના જૂથો ચાલવવા દઈને નાના ચર્ચો નથી બનાવવા. તેઓ બધા ખૂબ આઝાદ થઈ જશે. તેઓ બધાએ ઈશ્માએલે આપેલો અભ્યાસક્રમ પૂરો કરવાની જરૂર છે. તેઓ ફક્ત બાઈબલ અભ્યાસ જૂથો સુધી મર્યાદિત રહે તે બરાબર છે.''

''ભાઈ આર્થર'' ટીનોએ કહ્યું, ''નાના જૂથો ઉપર તમે જે અંકુશો લાદવા માંગો છો તેનાથી દેવનું કામ જે તેમનામાં થાય છે તે બંધ પડી જશે. દેવ બાઈબલ અભ્યાસ કરવા કરતા વિશેષ ચાહે છે. વિશ્વાસીઓના જૂથ દ્વારા ખ્રિસ્તની આજ્ઞાઓનું પાલન અને એકબીજાની સેવા બાબતની બધી પ્રવૃત્તિઓ મારું જૂથ કરે છે. જો તમારા પુસ્તકો પ્રમાણેનો એક સરખો અભ્યાસ આપણે બધા પાસે કરાવીએ તો વિશ્વાસીઓની ચાલુ જરૂરીયાતો અને ચાલતી રસમો પ્રમાણેનો અભ્યાસ આપણે ના કરી શકીએ.''

ચર્ચામાં થોડો વિરામ આવ્યો એટલે વિક્ટરે પૂછયું, ''આપણા માર્ગદર્શન માટે તમે નવા કરારનો ઉપયોગ કરવાનું શા માટે કહો છો ? આપણે શું જૂનો કરાર ના વાપરી શકીએ ?''

''બીજા હેતુઓ માટે આપણે જૂના કરારનો ઉપયોગ કરી શકીએ. પણ નવા કરારની મંડળીની પ્રવૃત્તિઓ તે દ્વારા નક્કી કરી ના શકાય. નહીં તો શનિવારે લાકડા વીણનારને આપણે પથ્થરે મારવાની સજા કરવી પડે. ખ્રિસ્ત અને તેના પ્રેરિતોએ આપણે માટે જરૂરી ઠરાવેલી બધી પ્રવૃત્તિઓ આપણે કરવાની છે.''

આર્થરે ટીનોનું આ સાંભળ્યું અને બોલ્યો, ''આપણે એ બધી પ્રવૃત્તિઓ કરીશું, ચોક્કસ. જે જે જરૂરિયાતો છે તે બાબતની સેવાઓ માટે આપણે માણસો ઠરાવીશું. એક જૂથમાં બધી જ સેવાઓ થશે. બધા જૂથો એક જ સેવા કરશે અને તે બાઈબલ શીખવવાની ! આમ છતાં ફક્ત એક જૂથ સુવાર્તા પ્રચાર સંભાળશે. બીજું જૂથ ભજનસેવા નો વહિવટ કરશે. બીજું એક જૂથ, નાણાંકીય બાબતો સંભળાશે અને દાન સેવા સંભાળશે. આ રીતે આપણે બધા જૂથો પર સજ્જડ અંકુશ રાખી શકીશું. દરેક શું કરે છે તેની આપણને ખબર પડશે.'' આર્થર જોરથી બોલ્યો અને બધા વડીલો તેને અને ટીનોને સાંભળતા હતા.

''આવી વિશિષ્ટ સંસ્થા બાઈબલની જરૂરિયાતો પૂરી પાડી શકતી નથી.'' ટીનોએ ચાલુ રાખ્યું, ''તમે લોકોને નાના ડબ્બામાં કેદ કરશો. દેવ મંડળીરૂપી શરીરને જે જુદાં જુદાં આત્મિક દાનો આપે છે તેનું વિભાગીકરણ તમે કરો છો. તમે એક જૂથમાં એક સરખા દાનવાળાઓને ભેગા કરો છો અને એમ બીજા વિશ્વાસીઓને તેમનો લાભ મળતા અટકાવો છો. વિશ્વાસીઓ નાના જૂથમાં એકબીજાની સેવા કરે તે ઉત્તમ હેતુ તમે કહો છો તે સંસ્થામાં જળવાતો નથી દેવ ચાહે છે કે દરેક જૂથમાં જુદી જુદી સેવાઓ માટે જુદા જુદા પ્રકારના દાન ધરાવતા માણસો હોય જેથી તેઓ એકબીજાની સેવા કરી શકે.''

''મને તે યોગ્ય લાગતુ નથી.'' આર્થરે વચ્ચે ફટકો માર્યો, ''અલગ પ્રોગ્રામો તૈયાર કરીને આપણે જૂથોનો વહીવટ કરી શકીએ. હા, તે જ રીતે બધુ શક્ય બને.'' બીજા બે વડીલો પણ આર્થર જોડે પોતાની દલીલો વિષે ગુસપુસ કરવા લાગ્યા.''

ટીનોના ચહેરા પર હતાશા દેખાઈ આવી. તેણે કહ્યું, '' બાઈબલની સલાહ પર ધ્યાન આપો. ખ્રિસ્તના શરીરરૂપી મંડળીનો વહીવટ કરવા માટે, દેવ ચાહે છે કે જુદા જુદા દાન ધરાવતા લોકો એકતામાં રહીને કામ કરે, નહીં કે તેઓ જુદા પડે. ૧ કોરીં ૧૨, રૂમી ૧૨ અને એફે. ૪ :૧૧-૧૬ વાંચો. આપણે સર્વએ એક શરીરમાં રહીને વિવિધ સેવાઓ દ્વારા પ્રેમમાં એકબીજાની સેવા કરવાની છે. અને તે નાની ઘરની મંડળીઓમાં ઘણી સારી રીતે થઈ શકે. આપણા બાઈબલની રીતને તજી દેવાની કોઈ જરૂર નથી.''

''તમે દરેક જૂથની નાની મંડળી બનાવવા માંગો છો.'' આર્થર જોરથી ફરિયાદ કરવા લાગ્યો. ''તેવા જૂથનો વહીવટ કરવો મુશ્કેલ થઈ પડશે. અમારા જેવા આગેવાનોને તો કડક અધિકાર આપે તેવી સંસ્થા અમે ચાહીએ છીએ.''

''તમે અધિકારની બહુ ચિંતા કરો છો, આર્થર. આપણે પવિત્ર આત્માના અધિકારની ઉપર જ વિશ્વાસ રાખવો જોઈએ. જે દરેક જૂથને અંકુશમાં રાખે અને દરેક જૂથ દેવની ઈચ્છા પ્રમાણે પોતાની સેવાઓ વિકસાવે. ૨ કોરીં. ૩ :૧૭ માં આત્મામાં આ પ્રકારની સ્વતંત્રા છે તેમ બતાવ્યું છે.''

''તમને નવી વસ્તુઓ કરવાનો શોખ છે, ટીનો'' આર્થર આક્ષેપ મૂકવા લાગ્યો, ''તમે જૂથના દરેકને કંઈક જુદું કરવાનું ઉત્તેજન આપો છો. હા, એક અઠવાડિયા પછી બીજામાં શું થશે તે પણ કોઈ જાણતું હોતું નથી. બહુ છુટછાટ આપવાથી ગુચવણ થાય. આપણી એકતા નાશ પામે. બધા જૂથો માટે આપણે અધિકૃત પદ્ધતિની જરૂર છે. અને તે દરેક ને બંધનકર્તા હોવી જોઈએ. એમ જ એકતા જળવાય.''

''આપણે એકતાને સરખાપણા સાથે ગુંચવીએ નહિ.'' ટીનોએ વિનંતી કરી, ''ખ્રિસ્તમાં ખરી એકતાનો અર્થ એ નથી કે બધા એક સરખી જ પ્રવૃત્તિ કરે. તે તો તદ્દન જુદું બતાવે છે. જ્યારે આત્મિક દાનોની બાબત ચાલતી હતી ત્યારે પ્રેરિતોએ ખ્રિસ્તના શરીરની એકતા બાબતે કહ્યું હતું. તેમણે તે બાબત ખુલ્લી કરી કે ખ્રિસ્તમાં એકતાનો અર્થ એ છે કે આપણ દરેક પાસે જુદા જુદા આત્મિક દાનો છે તેને પવિત્ર આત્મા જુદી જુદી સેવાઓમાં પ્રેમ વડે એકતામાં વાપરે છે.''

એક વડીલ કે જેઓ આર્થર જોડે પહેલાં સમંત થયા હતા તે બોલ્યા, ''તે બહુ સારુ સત્ય છે, ભાઈ ટીનો, આ પહેલાં તે વાત મારા ધ્યાનમાં નહોતી આવી. હા, ૧ કોરીં. ૧૨ મો અધ્યાય આ વિષે સ્પષ્ટ શિક્ષણ આપે છે. જે રીતે આપણા શરીરના જુદા જુદા અવયવો એકતામાં રહીને કામ કરે છે તે જ પ્રમાણે પવિત્ર આત્મા મંડળી રૂપી

શરીરમાં જુદી જુદી સેવાઓ એકતામાં રહીને કરાવે છે. થેન્ક્યુ ટીનો, હવે હું મારા જૂથમાં જઈને આ શિક્ષણ આપવાનું શરુ કરીશ અને મારા જૂથના વિશ્વાસીઓને અલગ અલગ સેવા માટે તૈયાર કરીશ જેથી ખ્રિસ્તનું શરીર યોગ્ય રીતે બંધાય.''

''સરસ!'' ટીનોએ જવાબ આપ્યો, ''તમને એ પણ જોવા મળશે કે નવા કરારની પ્રાચીન મંડળીની જેમ એકબીજાની સેવા કરવાની તક અને જરૂરિયાતો સતત બદલાતી રહેશે.''

ઈશ્માએલ અને આર્થર સિવાયના બીજા પાળક વડીલો ટીનો સાથે સમંત થયા. ઈશ્માએલે દલીલો ચાલુ રાખી. ''તમે કૃપા પર જ બહુ ભારમૂકો છો.ટીનો, તમારા કહેવાનો અર્થ એવો છે કે વિશ્વાસીઓ જે ચાહે તે કરવા છૂટા છે. તમારા આવા શિક્ષણને કારણે આપણે મંડળીમા શિસ્ત ગુમાવી બેસીશું.''

''જો આપણે તેને બરાબર સમજીએ તો આપણે કૃપા પર વધુ પડતો ભાર નહીં મૂકીએ'' ટીનોએ ઈશ્માએલને સમજાવ્યું, ''તમે મારા વિશે કહો છો તેમ કેટલાક શિખવે છે કે કૃપા આપણને કોઈપણ પાપ કરવાની રજા આપે છે. આવી હાનિકારક ભૂલનું શિક્ષણ આપતા તમે મને જોયો નથી. તમારી બીક પાયા વગરની છે. જેઓ દેવની કૃપા પ્રાપ્ત કરે છે તેઓ પાપ સંબંધે મૃત્યુ પામે છે, 'પાઉલે જેમ કહ્યું છે તેમ. આવો આપણે દેવની રીતે પ્રમાણે કૃપાની વ્યાખ્યા કરીએ.''

''બાઈબલ કઈ રીતે કૃપાની વ્યાખ્યા કરે છે, ટીનો ?'' ઈશ્માએલે પૂછયું.

''કૃપા એ દેવ તરફથી બિનલાયક વ્યક્તિઓની તરફેણ છે. પસ્તાવો કરનારા પાપીઓને આ કૃપા ખ્રિસ્ત તરફથી મફત મળે છે. તેઓ પાપ પ્રત્યે મૃત્યુ પામે છે અને નવા જીવન માટે ખ્રિસ્તની સાથે પુનરુત્થાન પામે છે એમ દેવના કુટુંબમાં તેઓ જન્મ પામે છે. તેઓ દેવાના દત્તક પુત્રો બને છે અને દેવની જે અખૂટ સંપતિ છે તેના ખ્રિસ્તની સાથે વારસદારો બને છે.''

''બાઈબલમાં આવું ક્યાં લખ્યું છે ?''

ટીનોએ બાઈબલ ખોલ્યું, ''કેટલાક શાસ્ત્રભાગો શોધવા માટે મને થોડો સમય આપો.'' વિક્ટરે જોયું કે ટીનોએ જે જે શાસ્ત્રભાગો કહ્યાં તે ઈશ્માએલે નોંધ કરી લીધા. રૂમી. ૫:૧૨ થી ૬ :૧૮, રૂમી ૮, એફે. ૨ :૪-૭, વિકટરે પણ તે તેની નોટમાં લખી લીધા.

''કેટલાંક ખ્રિસ્તી શિક્ષકો કૃપાની ખોટી સમજૂતિ આપે છે તે દુઃખકારક બાબત છે.'' ટીનોએ ખુલાસો કર્યો. ''તેઓ ધારે છે કે હવે આપણાથી કોઈને દુઃખ ન પહોંચાડાય જેથી કરીને આપણે ગમે તે ભોગે તેમની સાથે પ્રેમમય સંબંધોમાં જારી રહીએ. આવા અભિપ્રાયો દેવના વચનને ભંયકર રીતે મચડી નાખે છે! જે પાળકો છે તેમણે આવી ભૂલ કરનારાઓનો હિંમતભેર સામનો કરવો જોઈએ, ભલે થોડા સમય પૂરતા તેઓ દુઃખી થાય. પાઉલ અને ખ્રિસ્તે પણ તેમજ કર્યું હતું. પાપ કરી રહેલા કે ભૂલ કરી રહેલા ભાઈ પ્રત્યે શ્રેષ્ઠ પ્રેમભર્યો વ્યવહાર તેની ભૂલ (સામી છાતીએ) સુધારવાનો છે. જરૂરપડયે તે દુઃખમય બને તો પણ જો તે દેવનું સાચું બાળક છે તો તે પાછું આવશે. અને આભાર માનશે. જે વિશ્વાસીઓ પાપ કે ભૂલ કરે અને પસ્તાવો કરવાનો ઈન્કાર કરે તેમનાથી આપણે સંગત તોડવાની છે. ખ્રિસ્ત અને પ્રેરિત પાઉલ બંને કહે છે કે આપણે બિનપાસ્તાવિક વિશ્વાસીઓથી દૂર રહેવું અને તેમની સાથે મેજમાં ભાગ પણ ન લેવો.

ઈશ્માએલે ટીનોને પૂછયું, '' બાઈબલમાં કઈ કલમો આવા શિસ્તને સમજાવે છે.?''

ટીનોએ ચાલુ રાખ્યું, ''બીજી નુકશાનકારક ગેરસમજણ કૃપા બાબતે એ છે કે દેવ વિશ્વાસીઓને પાપ માટે જવાબદાર ગણશે નહિ. દેવ ગણશે જ. યોહાન ૫ :૨૪-૨૯ માં ચેતવ્યા મુજબ આપણે એ લોકોમાં નહિ હોઈએ જેમને ખ્રિસ્ત મરણમાંથી ઉઠાડીને અનંત શિક્ષામાં મોકલશે. ખ્રિસ્તે માફીની ખાતરી આપી છે. આમ છતાં, તે આપણને તેની સાથે સદા રહેવા ઉઠાડશે અને પોતે ન્યાયના રાજ્યાસન ઉપર બેસશે અને તેના ગૌરવી રાજ્યના પ્રવેશદ્વાર આગળ આપણા કામોને પારખશે. તે આપણા ભૂંડા કામ બાળી નાખશે. ગણના ૩૧માં અધ્યાયમાં ઈસ્ત્રાએલપુત્રો યુદ્ધની લૂંટનો જે માલ પવિત્ર છાવણીમાં લાવ્યા તે મુસાએ બાળી નાંખ્યો. પછી ખ્રિસ્ત આપણા

સારા કામો કે જે તેના ન્યાયાસન આગળ ટકી શકશે તેનો બદલો આપશે.''

ફરીથી ઈશ્માએલ અને વિક્ટરે ટીનોએ શોધેલા શાસ્ત્રભાગોની નોંધ કરી ૧ કો. ૩ :૧૧-૧૫ અને ૨ કો. ૫ :૧૦.

પછી ઈશ્માએલ બબડયો, ''મને હજુ લાગે છે કે તમે કૃપા પર વધારે ભાર મૂકો છો, ટીનો.''

''તમારું નિયમો પાળવાનું વલણ છે માટે હું તેમ કરું છું ઈશ્માએલ.''

ઈશ્માએલે પડાકર મૂક્યો, ''આ કલમોનો અભ્યાસ કરીને હું જોઈશ કે આપણા બેમાં કોણ સાચુ છે, તમે કે હું ?''

તે અઠવાડિયાને અંતે ટીનો અને જૂલી ફરીથી વિક્ટર અને લોરીને મળ્યા. ટીનોએ પૂછયું, ''તમે છેલ્લી મીટીંગમાં કેમ આવ્યા નહિ, વિક્ટર?''

''મને બીક લાગી કે ઈશ્માએલ અને આર્થરને ખોટું લાગશે. તેઓ અમારી પાસે તેમની ઈચ્છા પ્રમાણે કરાવે છે. અમે ઈસુ પર પ્રેમ કરીએ છીએ માટે નહિ, પણ તેમના દબાણને વશ થઈને આમ કરીએ છીએ કામ કરવાના સ્થળ પર ઈશ્માએલ કાયમ મારે એક ખ્રિસ્તી તરીકે શું કરવું તે કહે છે. જો હું સંમત ના થાઉં તો તે મારામાં અપરાધભાવ ઉત્પન્ન કરે છે.''

લોરીએ ઉમેર્યું ''આર્થર મને બીવડાવે છે કે જૂથના ભાઈઓ અમારી વિરુદ્ધ થઈ જશે કે દેવ અમને નકારી કાઢશે. આવી બીકના વાતાવરણમાં અમને સંગતનો આનંદ મળતો નથી.''

ટીનોએ થોડીવાર વિચાર્યું પછી બોલ્યો, ''જો ઈશ્માએલ અને આર્થર આ રીતે નવા વિશ્વાસીઓને કાઢી મૂકે કે ભાગલા પડાવે તો પછી દેવે સૂચવેલા પગલા ભરવાની મને ફરજ પડશે.''

''તમે તેમને શિક્ષા કરશો ?'' વિક્ટરે પૂછયું.

''હું શિક્ષાનું નથી કહેતો. શિક્ષાનું તો દેવ પર છોડીએ છીએ. દેવ તેના બાળકોને શિસ્તમાં લાવે છે અને ઘણીવાર તે અનુભવ પિડાકારક હોય છે કારણ કે દેવ તેમના પર પ્રેમ કરે છે. અમે ભૂલ કરતા વિશ્વાસીઓને માટે પગલા લઈએ છીએ તે તેમને પાછા ઉઠાડવાને માટે લઈએ છીએ. શિક્ષા કરવા માટે નહિ. જ્યારે વિશ્વાસીઓ ગંભીર ભૂલ કરે છે ત્યારે અમે તેમની સાથે મૃદુતાથી, પણ મક્કમ રીતે વર્તીએ છીએ. ગલા. ૬ :૧ પ્રમાણે જો તેઓ સામા થાય તઅને પ્રભુના વચનનેન ગણકારતા પાપ કરવાનું ચાલુ રાખે તો અમે. ૧ કો. ૫ અધ્યાય પ્રમાણે તેમને મેજમાંથી બાકાત કરીએ છીએ, તે પણ તેઓ પસ્તાવો કરે ત્યાં સુધી જ.

તેઓએ પ્રાર્થના કરી અને ટીનોએતેમને દેવના પ્રેમની ખાતરી આપી. પછીના બે અઠવાડિયામાં તેમની હિંમત વધી ગઈ અને પ્રભુ માટે તેઓ સખત પરિશ્રમ કરવા લાગ્યા. વિક્ટરે તેના મિત્રોને સાક્ષી આપી કે પ્રભુએ તેના અને લોરીના હક્કમાં કેવા કામ કર્યા હતા. તે પોતાના મિત્રોને અનંત તારણ અને ખ્રિસ્તમાં દેવની મફત કૃપા વિષે કહેવા લાગ્યો લોરી પણ પાડોશની સ્ત્રીઓને દેવની કૃપા વિષે જણાવવા લાગી.

જૂથ ભજનના સમય પછી ટીનોએ વિક્ટર અને લોરીને કહ્યું, ''તમારા કેટલાક મિત્રોએ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો છે. હવે મને લાગે છે કે તમારે તમારા ઘરમાં એક નવું જૂથ શરૂ કરવું જોઈએ.''

''શું હું જૂથ શરૂ કરી શકીશ? જો હું તેમ કરું તો ઈશ્માએલને તે નહીં ગમે અને મારાથી ભૂલો થવાની સંભાવના છે.''

''આપણે બધા ભૂલો કરીએ છીએ. માટે એવી બીક રાખશો નહિ. હું અને જુલી તમને સંચાલન કરવામાં મદદ કરવા માટે તમને શિક્ષણ સલાહ આપતા રહીશું. તમારે ઈશ્માએલ કે આર્થરની બીક રાખવાની જરૂર નથી. પાળક વડીલો તેમની સાથે સમંત નથી. અમે નક્કી કર્યું છે કે અમે અમારુ જૂથ પ્રેમભર્યા સંબંધો પર બાંધીશું.''

લોરીએ કહ્યું, ''ઈશ્માએલ અને આર્થર અમારામાં અપરાધભાવ જગાડવાના પ્રયાસો કરે છે તે જાણીને મને ખુશી થાય છે.''

''તેમના તરફ ધ્યાન ન આપશો, લોરી.'' ટીનોએ સલાહ આપી. ''તેઓ હવે તમારા આગેવાનો નથી.''

''તેઓ દેવની કૃપા પ્રત્યે શંકા રાખનારા છે.''

''જ્યાં સુધી આપણે આપણા વિશ્વાસમાં દઢ છીએ ત્યાં સુધી તેમને કૃપાના પ્રવાહ ને રોકવાની સત્તા નથી.''

નવા જૂથ ચલાવવાની વાત અને પ્રાર્થના કર્યા પછી, વિક્ટરે જૂથ શરુ કરવા સમંતિ આપી. તેમની પહેલી બે મીટીંગ પછી તેણે લોરીને કહ્યું, '' આ રીતે જૂથ શરૂ કરવું સહેલું છે. ટીનો અને જુલીએ આપણા માટે જે કર્યું તેનું પુનરુચ્ચારણ જ કરતા રહેવાનું.''

પાઉલ પ્રેરિતે ૧ કોરીં. ૧૧ :૧માં જે કહ્યું છે તે આજે મેં વાચ્યું. ''જેમ હું ખ્રિસ્તનું અનુકરણ કરું છું તેમ તમે મારુ અનુસરણ કરો. આપણે તેમજ કરીએ છીએ, આપણે તેમજ કરીએ છીએ વિક્ટર આપણે આપણા શિક્ષક ટીનોનું અનુસરણ કરીએ છીએ અને તે ખ્રિસ્તનુ''

''હા, અને પરિણામ જૂઓ.'' વિક્ટર આનંદિત થયો. ''આપણા મિત્રો તેમના મિત્રો, તેમના મિત્રો....એમ પ્રભુ પાસે આવે છે. મેં ધાર્યું હતું તે કરતાં કૃપાની નદી વધારે ઝડપથી વહે છે.''

નવા જૂથની પ્રગતિ વિષે જાણવા ટીનો દર અઠવાડિયે વિક્ટરને મળતો હતો. તેમની મીટીંગોની પ્રવૃત્તિઓ માટે પણ મદદ કરતો હતો. જેમ તે ખ્રિસ્તમાં વૃદ્ધિ પામતો ગયો અને દેવનું વચન તેના જૂથમાં અમલમાં કેવી રીતે મુકવું તે તેને આવડતું ગયું તેમ વિક્ટરે ટીનોને મળવું ઓછું કર્યું.

એક શિક્ષણ આપતી મીટીંગમાં ટીનોએ તેને કહ્યું, ''અમારા જૂથે બીજા પ્રાંતમાં જે મિશનરી મોકલ્યા છે તેમની મુલાકાતે હું જવાનો છું મારે કેટલાક અઠવાડિયા લાગશે. મારી ગેરહાજરીમાં તમે અને લોરી દરેક વિશ્વાસીને તેમના આત્મિક દાનો વડે એકબીજાની સેવા કરવામાં મદદ કરશો તેવી મારી આશા છે. એ જરૂરી નથી કે દરેક જણ તેમના બધા આત્મિક દાનો વિષે જાણે. પણ એ જરૂરી છે કે તેઓ નવા કરારની 'એકબીજા' વિષેની આજ્ઞા પાળે.''

''એકબીજા વિષેની આજ્ઞા શું છે ?'' વિક્ટરે પૂછયું.

''તે આજ્ઞામાં એકબીજાની સેવા કરવી, એકબીજાના બોજા ઊંચકવા, એકબીજા આગળ પાપ કબૂલ કરવા, એકબીજાની ભૂલ સુધારવી, એકબીજા પર અખંડ પ્રીતિ રાખવી, એકબીજાને ક્ષમા આપવી, અને અન્ય આજ્ઞાઓ છે તેમાંની કેટલીક ઘણીવાર દોહરાય છે. તેને માટે આપણા જૂથો વચ્ચે અને આપણામાં અંદરોઅંદર પ્રેમ ભરેલા સંબંધોની જરૂર છે.

નવા કરારની 'એકબીજા' મોટની ઈસુની અને તેના પ્રેરીતોની આજ્ઞાઓ અને તેને લગતી બીજી આજ્ઞાઓ માટે વિશ્વાસીઓ વચ્ચે વ્યવહારની જરૂર છે. વિક્ટરે આ આજ્ઞાઓ તેના ભાગો પાડીને તે પ્રમાણે લખી જે નીચે પ્રમાણે છે.

### *એકબીજા વિષેની આજ્ઞાઓ.*

**પ્રેમ :**

એકબીજા પર પ્રેમ કરવો. યો. ૧૩ :૩૪,૩૫, ૫ :૧૨,૧૭, રૂમી ૧૨ :૧૦, ૧ થેસ્સા. ૪ :૯, ૧ યો ૩:૧૧, ૧૪,૨૩, ૪ :૭,૧૧,૧૨, ૨ યો. ૧:૫, ૧ પી. ૧ :૨૨

એક બીજા પર પ્રેમ કરીને નિયમ સંપૂર્ણ કરો રૂમી ૧૩ :૮

એકબીજા પ્રત્યેના પ્રેમમાં વૃદ્ધિ ૨ થે. ૧ :૩

એકબીજા પ્રતિના પ્રેમમાં બંધાઓ. ૧ થે. ૩ :૧૨

એકબીજા પ્રત્યે ઊંડો પ્રેમ રાખી પાપો ઢાંકો ૧ પી. ૪ :૮

**એકબીજા પ્રત્યે કાળજી :**

એકબીજા સાથે સંગત ૧ યો. ૧ :૭

એકબીજા ને માફી એફે. ૩ :૧૩, ૪:૩૨ કોલો. ૩ :૧૩

એકબીજા ને પવિત્ર ચુંબનથી મળવું (કે ભેટવું કેટલીક જાતિઓમાં રૂ. ૧૬ :૧૬, ૨ કોરીં ૧૩:૧૨, ૧ પી. ૫ :૧૪) અને ૧ કો. ૧૬ :૨૦

એકબીજાસાથે રોટલી ભાંગવી ૧ કોરી. ૧૧ :૩૩

એકબીજા ના દુ:ખમાં સહભાગી ૧ કોરીં ૧૨ :૨૬

એકબીજા ની સેવા કરવી (એકબીજા એટલે જૂથ - જૂથ વચ્ચે પણ કહી શકાય ) ગલા. ૫ :૧૩

**સેવા :**

પોતાને મળેલા આત્મિક દાન વડે એકબીજાની સેવા ૧ પી. ૪ :૧૦

એકબીજાની પ્રેમમાં સેવા ગલા. ૫ :૧૩

એકબીજાની પ્રત્યે ભલાઈ ૧ થે. ૫ :૧૫

એકબીજાની કાળજી ૧ કોરી. ૧૨:૨૫

એકબીજાના બોજ ઊંચકો ગલા. ૬ :૨

એકબીજાના પગ ધોવા (નમ્ર સેવાની નિશાની) યો. ૧૩ :૧૪

એકબીજા સાથે કામ કરવું ૧ કોરીં. ૩ :૯ ૨કોરી. ૬ :૧

**શિક્ષણ :**

એકબીજાને શિખવવું કોલો. ૩ :૧૬

એકબીજાને સલાહ આપવી. રૂમી. ૫ :૧૪

**ઉત્તેજન :**

એકબીજાને ઉત્તેજન આપવું કોલો. ૩ :૧૬, હે. ૧૦ :૨૫

એકબીજાને શિખવવું હે. ૩ :૧૩

એકબીજાને સત્ય કહેવું એફે. ૪ :૨૫

એકબીજા માટે પ્રાણ આપવો. ૧ યો. ૩ :૧૬

એકબીજા ને પ્રેમ અને સારા કૃત્યો માટે ઉત્તેજન હે. ૧૦ :૨૪

**ઉન્નતિ :**

એકબીજાની ઉન્નતિ (દૃઢ કરવું, બાંધવું ) ૧ થે. ૪ : ૧૮ અને ૫:૧,૧૧

ઉન્નિતિને અર્થે એકબીજા સાથે મળીને સ્તોત્રો, શિક્ષણ, પ્રક્ટીકરણ, અન્યભાષા કે તેનો ખુલાસો કરવો. ૧ કો. ૧૪:૨૬

**આત્મિક કાળજી આપવી :**

એકબીજા આગળ પાપ કબૂલ કરવા યા. ૫ :૧૬

એકબીજા માટે પ્રાર્થના કરવી યા. ૫ :૧૬

એકબીજા માં તેમજ જૂથ - જૂથમાં એકતા કરવી.

**નમ્રતાથી વર્તવું :**

એકબીજાનું માન રાખવું રૂમી ૧૨ :૧૦

એકબીજા સાથે સહમત થવું ૨ કો. ૧૩ :૧૧, રૂ ૧૨ :૧૬, ૧૫:૫

એકબીજા ની ટીકા ન કરવી રૂમી ૧૪ :૧૩

એકબીજાનું ભૂંડુ ન બોલવું યા. ૪ :૧૧, ૫:૯

એકબીજા ને આધિન રહેવું એફે. ૫ :૨૧

એકબીજા પ્રત્યે નમ્રતા પહેરીને વર્તવું ૧ પી. ૫ :૫

**એકતામાં રહેવું :**

એકબીજા પ્રત્યે ધીરજ રાખવી એફે. ૪ :૨

એકબીજા સાથે શાંતિમાં રહેવું માત્થી ૯ :૫૦

એકબીજા ને ઉમળકાથી આવકારવા રૂમી. ૧૫ :૭, ૧ પીતર ૪ :૯

એકબીજા સાથે દેવનો મહિમા કરવો રૂમી. ૧૫ :૬

''મને લાગે છે કે આ 'એકબીજાની સેવા' ની આજ્ઞાઓનું શિક્ષણ આપીને આપણે વિશ્વાસીઓને એકબીજાની સેવા માટે પ્રોત્સાહન આપી શકીએ.'' વિક્ટરે કહ્યું, ''પણ એક બાબત છે. છેલ્લી વખતે અમે જૂથમાં ભેગા મળ્યા ત્યારે કેટલાક દલીલો કરતા હતા.''

''તમારે દેવની સતત સહાય મેળવવી પડશે. કારણ કે શેતાન હંમેશા આવા પ્રેમભર્યા સંબંધોનો વિરોધી છે. તેના અશુદ્ધ આત્માઓ હંમેશા દેવના ધારેણ પ્રમાણે એકબીજાની આપણે સેવા કરીએ તેનાથી રોકવા પ્રયત્નશીલહોય છે.જ્યારે વિશ્વાસીઓ આત્મિક દાનો વડે એકબીજાની સેવા કરે છે ત્યારે શેતાન તેમને ધિક્કારે છે. દેવની કૃપાની નદીને મુક્તપણે વહેતા અટકાવવાની લડાઈ થાક્યા વગર ચાલુ રાખવામાં તોઓ શેતાનને મદદ કરે છે.પણ સ્તુતિ હો, પ્રભુ ઈસુએ શેતાનની તાકાતનો પોતાના મરણ અને પુરુત્થાન વડે નાશ કર્યો છે. કલો. ૨ :૧૩-૧૫.

''આ દાનો  માટેનો મૂળ શબ્દ બાઈબલમાં Charismas છે તેનો તરજૂમો 'કૃપા' કે 'દાનો' એવો થાય છે. બીજાઓની સેવા માટે દેવ આ ખાસ શક્તિ આપે છે.  તેની કૃપાને કારણે આ બને છે. જ્યારે આપણે આપણા આત્મિક દાનો વડે એકબીજાની સેવા કરીએ છીએ ત્યારે આપણે દેવની કૃપાને મુક્તપણે આપણામાંથી વહેવા દાઈએ છીએ.  દરેક વિશ્વાસી પાસે કોઈ દાન છે અને તે સેવા માટે વાપરવાનું છે. એફે ૪ :૧૧-૧૨''

''ભાઈ આર્થર મને કાલે કહેતા હતા કે સેવાનો અર્થ મોટેભાગે ઉપદેશ થાય છે.  શું તે સાચું છે ?''

''સેવા ઉપદેશ કરતા વિશેષ અર્થ ધરાવે છે .'' ટીનોએ ભારપૂર્વક જવાબ આપ્યો, ''દરેક વિશ્વાસીને દેવ જુદી જુદી સેવા માટે ખાસ દાનો આપે છે. જેથી આપણે તેમના ઉપર આશિર્વાદ લાવીએ.'' તેઓએ સેવાઓ કરવા માટેના નવા કરારના ધોરણ પ્રમાણેના વિવિધ માર્ગોની ચર્ચા કરી. વિકટરે તેની નોંધ પોતાની નોટમાં કરી (નીચે મુજબ)

પાળકોને સલાહ શિક્ષણ આપવું.  જેઓ પડી ભાંગ્યા છે તેમને દિલાસો અને પુનઃજીવન આપવું.

સાજાપણું, મદદ અને દયા બતાવવી.

ઉપદેશ કરવો, ભવિષ્યવાણી અને પ્રોત્સાહન

કારભારીપણાનો મહાવરો (દાન આપવું)

પ્રાર્થનામાં મધ્યસ્થી અને કૌટુંબિક મનન

લગ્નોને મજબૂત બનાવવા, કુટુંબ અને બાળકોની કાળજી લેવી.

સંગતના ખાસ સમયોએ ભજનનું અને અન્ય આયોજન

સુવાર્તા પ્રચાર, શિષ્ય બનાવવા અને પાળકવૃત્તિ

નવી મંડળીઓ કે જૂથો બનાવવા અને મિશનેરીઓ મોકલવા.

લોકોની જરૂરિયાત મુજબ વચનનું અમલીકરણ અને આગેવાનો તૈયાર કરવા.

વિક્ટરે રજૂઆત કરી, ''આપણે કરવા માટેની ઘણી બધી બાબતોનું શિક્ષણ આપણે જૂથને આપવાનું છે. આપણે તે બાબતો કરી શકીશું કે કેમ તે વિચાર મને આવે છે.''

''દેવની સહાય વગર એ શક્ય નથી. પણ તેણે સહાય કરવાની પ્રતિજ્ઞા આપી છે.''

બીજા દિવસે વહેલી સવારે વિક્ટર તેના બારણાએ થતા અવાજથી સફાળો જાગી ગયો. તેણે બારીએથી જોયું ''ઈશ્માએલ બહાર છે. નક્કીં કાંઈ ગરબડ છે.''

તેણે જલ્દીથી ઈશ્માએલને અંદર બોલાવ્યો અને લોરીએ ઝડપથી ગાઉન ઠીકઠાક કર્યો.ઈશ્માએલે હાંફતા કહ્યું, ''વિકટર, વિકટર આજે સવારે કામ પર આવશો નહિ.''

''કેમ શું થયું ?'' વિકટરે ચિંતાથી પૂછયું.

''દુકાન બળીને ખાખ થઈ ગઈ !''

''શું ?''

''હા, તે સળગી ગઈ. બધા હથિયારો નકામા થઈ ગયા છે. કંઈ જ બચ્યું નથી.'' ઈશ્માએલ રડવા માંડયો. લોરીએ આવીને તેનો હાથ પકડયો અને વિક્ટરે પ્રાર્થના કરાવી. મોડેથી વિકટરે તેની શોપ સાફસૂફ કરવામાં મદદ કરી. તેઓએ પકડ, ડીસમીસ જેવા થોડા નાના હથિયારો જે બચ્યા હતા તે ભેગા કર્યા. બીજા દિવસે ઈશ્માએલ વિકટરને મળવા આવ્યો. તે લાંબા સમય સુધી શાંત બેસી રહ્યો. લોરી ચા લાવી અને તેને પૂછયું, ''અમે તમને કેવી રીતે મદદ કરી શકીએ, ઈશ્માએલ?''

તે કંઈ બોલ્યો નહિ. તેઓ બધા શાંત બેસી રહ્યા. ઈશ્માએલ દુઃખ સાથે બોલ્યો, ''દેવે આ બધું કર્યું''

''ના'' લોરીએ સમજાવ્યું, ''શેતાને આ કર્યું.''

''તો પછી દેવે શેતાનને તેમ કરવા દીધું.''

વિકટરે ઈશ્માએલને સમજાવવાનો પ્રયત્ન કર્યો પણ તે ફરીથી મૂંગો થઈ ગયો. પછી તે ધીમેથી બોલ્યો,''થોડી દિવાસળી લાવો.''

''દિવાસળી?''વિકટરે પૂછયું, ''તમારે બીજુ સળગાવવું છે ?''

''હા'' તેણે ખિસ્સામાં હાથ નાખ્યો, ''આ જે નિયમોનું લીસ્ટ મેં તમને અને લોરીને બતાવ્યું હતું તે બાળવું છે.'' લોરી દિવાસળી લાવી અને ઈશ્માએલે આખો કાગળ સળગાવી દીધો.

પછી તેણે કહ્યું, ''એકવાર હું મારા કાકાના ચર્ચમાં ગયો હતો. તેમણે પણ મારા પપ્પાની જેમ ઈસ્લામ ધર્મ છોડયો હતો અને એક ઉત્સાહી ખ્રિસ્તી બન્યા હતા. પણ ચુસ્ત નિયમપાલક. તેમણે મને આ નિયમો શિખવ્યા હતા. જે મેં તમને બતાવ્યા હતા. મને એવી બીક લાગતી હતી કે જો હું તે ન પાળું તો દેવ મારા પર શિક્ષા લાવશે. હું ભયમાં જીવતો હતો. મેં તમને નોકરીએ રાખ્યા એટલે હું ધારતો હતો કે હું તમને પણ તે શીખવું એવું દેવ ચાહે છે. માટે તમારી પાસે હું આ નિયમો પળાવવા ઈચ્છતો હતો જેથી તમારા પર દેવની શિક્ષા ન આવે. પરંતુ આ આગના બનાવ પછી આપણા પાળક અને વડીલે જે બાઈબલના વચનો બતાવ્યા છે તે હું સતત વાંચુ છું અને મને ખાતરી થઈ છે કે હું જ ભૂલમાં હતો. હું દેવની કૃપા સામે અને તેના પવિત્ર આત્મા સામે લડતો હતો.''

વિક્ટર સ્તબ્ધ થઈ ગયો અને એક શબ્દ બોલી શક્યો નહિ. થોડીવારની ચૂપકિદી પછી લોરી ધીમીથી બોલી,''મને સમજ પડતી નથી કે હું રડું કે આનંદથી બૂમ પાડું !'' તે આનંદવિભોર બની ગઈ.

બીજા દિવસે વિકટરે ઘેર આવીને લોરીને સમાચાર આપ્યા, ''મને બીજી નોકરી મળી ગઈ ! તે લોકોએ મને એક અનુભવી વેલ્ડર જ કરી શકે તેવું વેલ્ડીંગ કરવાનું કહ્યું અને હું બહુ સારુ કરી શક્યો. ત્યાંના મેનેજરે મારા વખાણ કર્યા કે તમારો હાથ સ્થિર અને ઝડપી છે. મને આગળના કરતાં બમણો પગાર મળશે !''

''આપણા બધા પ્રશ્નો હલ !'' લોરી ખુશ થઈ ગઈ ''પૂરેપૂરા નહીં. આર્થર કોઈ મોટા ચર્ચમાંથી ઊઘરાણું

કરીને નાણાં લઈ આવ્યો છે.''

તે હવે પોતે સેવા કરવા ધારે છે મને ખબર ન હતી કે તે સેવા કરે છે પણ તેણે જૂથના લોકોને મનાવી લીધા છે અને જે નિયમોનું લીસ્ટ આગના બનાવ પહેલાં ઈશ્માએલ શિખવતો હતો તે કેટલાક લોકોને પૈસા વડે શીખવીને લોકોને શીખવવા તૈયાર કરી રહ્યો છે. ટીનોની ગેરહાજરીનો તે લાભ લે છે. બે કુટુંબોને ટીનોના જૂથમાંથી તોડયા છે અને પોતાની પાછળ ખેંચ્યા છે. તેઓ નવી મંડળી શરૂ કરીને પોતાના માર્ગને સાચો કહે છે. આપણા જૂથમાં જે કુટુંબ છેલ્લા અઠવાડિયામાં જોડાયું હતું. તેમના ઘરમાં આર્થરને પ્રવેશતો હમણાં પાછળ વળતા મેં જોયો. શેતાનના ઝેરી બાણનું ઝેર પ્રસરી રહ્યું છે.''

લોરી પાછી દુઃખમાં ડૂબી ગઈ.

**અભ્યાસ**

આ જીવનમાં દેવ આપણને આ આશીર્વાદોની પ્રતિજ્ઞા આપે છે.

☐ ભૌતિક બાબતો

☐ આત્મિક બાબતો

(એફે. ૧ઃ૩ માં આત્મિક આશિર્વાદોનું વચન આપવામાં આવ્યું છે. નહિ તો આખા જગતમાં કરોડો ખ્રિસ્તીઓ આર્થિક રીતે ગરીબ છે તેનો જવાબ આપણે ન આપી શકત. આમ છતાં ગરીબ વિશ્વાસીઓ ખ્રિસ્તમાં મહિમાના વારસો છે અને ખ્રિસ્તની સાથે રાજ કરશે.)

આ ત્રણમાંથી કઈ બાબત વિશ્વાસીઓને ખ્રિસ્તમાં તેમની સ્થિતિની ખાતરી કરાવે છે ?

☐ તેઓ ભયમાં રહે જેથી કોઈ નિયમ તોડે, દેવની કૃપાથી પડી જાય, અને છેવટે શિક્ષા તેમના પર આવે.

☐ તેમનાથી થઈ ગયેલ પાપો સતત તેમની આગળ લાવીને તેઓ પાપમાં છે તે મનોવૃત્તિમાં રાખવા.

☐ દેવના વચનમાંથી દેવની કૃપા શિખવવી, તે માટે સ્તુતિ કરવી, પ્રાર્થના સાથે વિશ્વાસની ઢાલ વાપરવી અને પ્રભુની મેજ વડે સતત માફીની ખાતરી મેળવવી.

(જો તમે દેવના વચનમાંથી હજુ કૃપા વિષે શિક્ષણ પ્રાપ્ત ન કર્યું હોય તો કૃપા કરીને રૂમી ૧ થી ૮ અને એફેસી ૧ અને ૨ અધ્યાય ધ્યાનપૂર્વક વાંચો)

બૌદ્ધિક વિચારકો હંમેશા નકાર કરે છે કે મેજની સંગત મારફતે દેવના પરાક્રમ વડે દેવની કૃપા આપણે મેળવીએ છીએ. માનવીય જ્ઞાન વડે દેવની કૃપા સમજવામાં કેટલું જોખમ છે, આપણે દેવની કૃપા કેવી રીતે પ્રાપ્ત કરીએ છીએ ?

________________________________________

________________________________________

________________________________________

________________________________________

(કૃપા માનવીય વર્ણનથી પર છે. બાઈબલના પ્રકટીકરણ સિવાય કોઈ ધાર્મિક આગેવાન કે ફિલોસોફર દેવની કૃપાની ખાતરી પમાડી શક્યો નથી.)

ભૌતિકવાદીઓ દેવની કૃપાને દુનિયાઈ સંપતિથી માપે છે. બાઈબલ પ્રમાણે વધારે સારી સમજૂતિ આપો.

________________________________________

________________________________________

________________________________________

બાઈબલની 'એકબીજા' અંગેની આજ્ઞાઓ અનુસાર વિશ્વાસીઓ પ્રેમમાં એકબીજાની સેવા કરે એ માટે તમે તમારા જૂથ માટે કેવી યોજના બનાવશો ?

તમારા જૂથના વિશ્વાસીઓ પોતાના આત્મિક દાનો વડે નવા કરારમાં જણાવ્યા પ્રમાણેની બધી સેવાઓ કરવાની મોકળાશ પ્રાપ્ત કરે માટે તમે કેવી યોજનાઓ કરશો ?

તમારા કે તમારા શિક્ષણ વડે તૈયાર થયેલા નવા આગેવાન દ્વારા થઈ રહેલો ખોટો અંકુશ દૂર રાખવા તમારું કેવું આયોજન છે ?

## પ્રકરણ ૪

## આનંદમય આત્મિક સ્વતંત્રતા વિકટર અને લોરીએ કેવી રીતે પ્રાપ્ત કરી

વિકટર, લોરી અને જૂલી ટીનોને મૂકવા રેલ્વે સ્ટેશને ગયા. જે જગ્યાએથી મંડળીઓમાં વૃદ્ધિ થતી ન હતી. તેવા સ્થળના મિશનેરીઓની ફરીથી મુલાકાત લેવા તે જતો હતો. રસ્તામાં ટીનોએ વિનંતી કરી, ''મારી ગેરહાજરીમાં મારા જૂથની મીટીગોમાં આવજો. દોરવણીમાં તેમની સહાય કરજો ક્રૂર વરુઓથી વિશ્વાસીઓની સંભાળ લેજો.''

''વરુઓ'' વિકટરે પૂછયું, ''એટલે, તેનો અર્થ ?''

''મોટા ભૂખ્યા કૂતરા, વાઘ જેવા કે જેઓ નબળા ઘેટાંને શોધે છે. પ્રભુ ઈસુ અને પ્રેરિત પાઉલે જૂઠા પ્રબોધકોને વરુઓ સાથે સરખાવ્યા છે કારણ કે તેઓ બીજા પાળકો પાસેથી ઘેટાઓને લૂંટી જાય છે.''

''તમે અમને સાવધ કર્યા તે સારુ કર્યું.'' વિકટરે કહ્યું ''મને લાગે છે કે એક વરુ તો ક્યારનું એ આપણા

ટોળાની આસપાસ ફરી રહ્યું છે. આર્થરનો પિતરાઈ ભાઈ શાજી એમ ધારે છે કે આખા જૂથમાં તે એકલો જ સાચો આત્મિક છે.''

''તો ધ્યાન રાખતા રહો ! શેતાનના જૂઠાણા ખમીર જેવા હોય છે જે લોટના લોંદામાં ફેલાઈ જાય છે. આ જૂઠાણાઓ ઘણીવાર આત્મિક સત્યો જેવા લાગે છે અને વિશ્વાસીઓમાં ઓરી અછબડાની જેમ ફેલાતા હોય છે. પ્રભુ તેમની પારખ કરવા અને સામનો કરવા આપણી સહાય કરો. એફે. ૬ :૧૬ અનુસાર શેતાનના બળતા ભાલાઓ હોલવવા માટે તેણે આપણને વિશ્વાસની ઢાલ આપી છે. આ ભાલાઓમાં ભૌતિકતા, બૌદ્ધિકતા, વ્યક્તિવાદ, ઘમંડ, લડાઈ, મૂર્તિપૂજા, દુર્વાસના અને ભૂંડાઈનો સમાવેશ થાય છે. રોજ રોજ અશુદ્ધ આત્માઓ જુદા જુદા દુર્મત- શિક્ષણ રૂપી ભાલાઓ આપણી ચારેબાજુ ફેંકે છે.''

''તમે વ્યક્તિવાદ નો ઉલ્લેખ કર્યો.'' વિટકરે કહ્યું, ''કૃપાના ઝરાને તે કઈ રીતે રોકે છે ?''

''જ્યારે તમે વિશ્વાસીઓને 'એકબીજા' અંગેની આજ્ઞાઓનું ગંભીરપણે પાલન કરવામાં મદદ કરશો ત્યારે તમને આ બાબત દેખાશે શેતાન વ્યક્તિવાદ ને વિરાટ સ્વરૂપ આપીને અંદર અંદર ના સારા સંબંધો કાપવાનો પ્રયત્ન કરશે. વ્યક્તિવાદમાં મસ્ત વ્યક્તિ પોતા પર લોકો અંગત વિશ્વાસ મૂકે તેમ ચાહતી હોય છે. તેઓ દેવની સેવા પોતાની રીતે કરે છે. તેઓ ભજનસેવાઓમાં બેઠા હોય છે અને જે કંઈ સાંભળે છે તે વાદળીની માફક ચૂસી લે છે પણ કોઈ પ્રવૃત્તિમાં તેઓ વ્યક્તિગત સામેલ થતા નથી. તેઓ એકબીજા સાથે પ્રેમમય સંગતથી દૂર ભાગે છે અને આવું જુદાપણું પ્રેમનો નકાર કરે છે. જે મંડળીમાં શેતાનનો વ્યક્તિવાદ ઘુસે છે તે મંડળી ભાગ્યે જ નવા કરારની એકબીજા અંગેની આજ્ઞાઓ પાળી શકે છે.

''ઘમંડી વ્યક્તિનો એકાધિકારવાદ વિશ્વાસને ફક્ત જ્ઞાનના આધાર પર લઈ જાય છે.''

ટીનોએ જવાબ આપ્યો. ''જ્ઞાન આપણને ઘમંડથી ભરે છે. ૧ કોરીંથ ૮ :૧માં તે વિષે ચેતવણી આપી છે. આપણો એકમાત્ર પાયો ઈસુ છે જે ઉપર ડાહ્યો માણસ ઘર બાંધે છે. ડાહ્યો અને મૂર્ખ કે જેણે પોતાનું ઘર રેતી ઉપર બાંધ્યું બંનેએ પ્રભુ ઈસુનું વચન સાંભળ્યું હતું. તે બંનેને સમજણ હતી. પરંતુ ફક્ત ડાહ્યા માણસે ઈસુ પર પ્રેમ કર્યો અને તેની આજ્ઞા પણ પાળી. એકાધિકારમાં માનતી વ્યક્તિ ફક્ત સારા સિદ્ધાંતો શિખવીને સંતોષ માને છે. તે પોતાના ઉચ્ચ શ્રેષ્ઠ જ્ઞાન ઉપર હદબહાર ભરોસો કરે છે. પણ પ્રભુ ઈસુ ચાહે છે તે બીજી પ્રવૃત્તિઓને નકારે છે.''

જુલીએ વધારામાં કહ્યું, ''ઘમંડી શિક્ષકો ફક્ત તમારી ખોપરીમાં કાણું પાડે અને અણીદાર સળીયો અંદર ઉતારીને પોતાનો અભિપ્રાય તમારા ભેજામાં ઠોકી બેસાડે ! સદ્ભાગ્યે ઘણા જુવાન વિશ્વાસીઓ ફક્ત આવા નકારાત્મક શ્રોતાઓ બનવા માંગતા નથી. યાકૂ ૧ :૧૧ આ સામે ચેતવણી આપે છે. આ જુવાનો શીખતી વખતે સંશોધન કરે છે તેમને સક્રિય ચર્ચા ગમે છે તેઓ એકાધિકાર ચલાવવા માંગતી વ્યક્તિના અભિપ્રાયો આંધળી રીતે સ્વીકારવાને બદલે બાઈબલ શું કહે છે તે સ્વતંત્ર રીતે વિચારવા અને પવિત્ર આત્માને તેમને સર્વ સત્યમાં દોરવા દે છે. તેઓ ફકત શિક્ષણમાં જ નહીં પણ દેવ શું કહે છે તેમાં ધ્યાન આપે છે.''

''એકાધિકાર હંમેશા ખરાબ છે ?'' વિક્ટરે પૂછયું, ''પાળકો ના ઘેટાંઓ ચાહે ત્યાં ભટકે તે તેમના માટે ભયજનક નથી.?''

''જરૂર બધા વિશ્વાસીઓને પાળકની દોરવણીની જરૂર છે.'' ટીનોએ જવાબ આપ્યો, ''પણ આપણે પાળકોને જેમ બાઈબલ કહે છે તેમ તેમની કાળજી રાખવી જોઈએ.''

''તે કઈ રીતે ?''

''સાચો પાળક વિશ્વાસીઓને દેવનું તારણ પમાડનારું વચન જીવનમાં કઈ રીતે અમલમાં મૂકવું તેનું શિક્ષણ આપે છે. નહિ તો આ જગતના મૂર્તિપૂજકો નકામી ફિલોસોફી અને જૂઠા દેવો વડે તેઓના મગજોનો કબજો લઈને તેમને ગુલામ બનાવી દે. ઘમંડી એકાધિકારવાદીઓ ઘણીવાર સમજે છે કે દેવની કૃપા કેવળ ખૂબ જ્ઞાન મેળવવાથી પ્રાપ્ત થશે પછી તેઓ બીજાને જે કહેતા ફરે છે તે કેવળ તેમની સંકુચિત વિચારધારાઓ હોય છે.''

''હું જુવાન પેઢીની છું.'' લોરી બોલી ''હું બીજા વિશ્વાસીઓ સાથે સક્રિય સંબંધો ઈચ્છું છું અને પ્રભુ એવું કરે કે અમારા પાળકો તેમ થવા દે.''

''પણ આપણે તે કેવી રીતે બનવા દેઈએ ?'' વિક્ટરે પૂછયું ''જ્યારે લોકો દેવનુ વચન શિખે અને તેની આધિનતામાં આવે ત્યારે આપણે એકબીજાના સક્રિય સહભાગી થવામાં તેમને કઈ રીતે મદદ કરી શકીએ?

'' તમે તેઓને બાઈબલ વાર્તાઓ વાંચવાનું કે કહેવાનું કહી શકો. ટીનોએ સૂચવ્યુ પછી આ વાર્તા દેવ વિષે શું શિખવે છે અને આપણે શું કરવુ જોઈએ તેની ચર્ચા કરો નાટકનો ઉપયોગ કરો વાર્તાઓના નાટકો બનાવો તમે તેમને શું શિખવવા માગો છો તે સ્પષ્ટ કરો દેવ અને તેના કાર્ય વિષે પ્રશ્નો પૂછો લોકોને સ્તુતિ અને પ્રોત્સાહન માટેના ગીતો બનાવવા દો લોકો ભેગા થઈને શિખવા તૈયાર બને હંમેશા એક જ માણસ શીખવે તેવુ ન બનવા દો.

ઓહ લોરીએ આશ્વર્ય વ્યકત કર્યુ હું લોકોને દેવનું વચન શીખવે તેવા નાટકો બનાવવામાં મદદ કરીશ. આપણે એદનવાડીનું દશ્ય ભજવી શકીએ? અથવા રૂથનું ?

'' મને તો તું એસ્તેરરાણી પાત્ર ભજવે તેમાં આંનદ થશે વિકટરે લોરીને કહ્યુ ''મને તો ઉડાઉ દીકરાનો ભાગ ભજવવાનુ ગમે તેણે તેના પિતાની સંપતિનો ભાગ વેડફી નાખ્યો હું ખ્રિસ્તમાં આવ્યો તે પહેલા આવા ઉડાઉપણાનો મને ઘણો અનુભવ છે''

''હું તો અલમસ્ત વાછરડો બનવા ચાહું છું ટીનો હસીને કહેવા લાગ્યો ''પિતાએ તેના દીકરાને પાછા ફરવાની ખુશાલીમાં મિજબાની આપી ત્યારે તેને કાપવામાં આવ્યો. તેનો મોટો ભાઈ તેના કરતા સારો હતો પરતુ પાસ્તાવિક નાના ભાઈ પ્રત્યે તેના પિતાએ જે કૃપા દેખાડી તેનાથી તે નારાજ થયો તે તો પેલા ખંતીલા મજુર જેવો હતો કે જેણે આખો દિવસ કામ કર્યુ અને તેને જેટલો પગાર મળ્યો એટલો જ થોડો સમય કામ કરનારને મળ્યો તેથી તે નારાજ થયો સારા માણસો જયારે ખરાબ પાપીઓ મફત માફી પ્રાપ્ત કરે છે. ત્યારે હંમેશા દેવની કૃપાનો વિરોધ કરે છે.''

''શું વડીલો આપણને આવી અસરકારક રીતે શીખવશે'' લોરીએ પૂછયુ

''લોરી આંનદિત અને સક્રિય'' વિકટરે કહ્યુ ''તે ખુબ જ વાંચે છે અને તેને જે મોતી મળે છે તે સાચવી રાખે છે.''

''દેવનું વચન અસરકારક રીતે શિખવવાની હવે આપણને સ્વતંત્રતા છે'' ટીનોએ તેમને ખાતરી આપી ''આપણે ઘમંડી એકાધિકાર વાદ સામે લડાઈ લડયા છીએ અને જીત્યા છીએ આપણા વડીલો દેવના વચનની મુકત ચર્ચા અને પરિણામલક્ષી શિક્ષણ બાબતે તમારા જેવા નવા વિશ્વાસીઓને હતાશ કરતા નથી.''

''અદભુત !'' લોરી બોલી પડી .

''તમે કહેતા હતા કે એકાધિકાર હંમેશા ખરાબ નથી. વિકટરે યાદ કર્યુ તેને માટે નો યોગ્ય સમય કયો ગણાય ?'' ટીનોએ સ્પષ્ટતા કરી આપણે હંમેશા દેવના વચનનો અભ્યાસ કરતા નથી પણ આપણેને જે કૃપા પ્રાપ્ત થઈ ચૂકી છે તેના વખાણ કરીએ છીએ એકાધિકાર જુઠા શિક્ષણ અને જુઠા ઉપદેશ સામે ઉભા રહેવા માટે ઉપયોગી છે.''

''જૂઠો ઉપદેશ કેવો હોય'' વિકટરે પૂછયુ.

ટીનોએ સમજાવ્યુ ''કેટલાક જુઠા શિક્ષકો અને ઉપદેશકો તેમના સાંભળનારાઓને લાંબા કાનવાળા ગધેડા સમજે છે તેઓ ઈચ્છે છે કે તેમના અધિકારીયુકત અખત્યારમાં લોકો તેમનું પ્રખર ભાષણ નિષ્ક્રિય રીતે ફકત સાંભળનારા બને તેઓ વિશ્વાસીઓને એક જીવતં શરીર તરીકે, એકબીજાની સામે લડનાર તરીકે, આસપાસના સમાજના શેતાન સામે લડનાર તરીકે, ભૂખ્યાઓને ખવાડનાર તરીકે અને માંદાઓને સાજા કરનાર તરીકે જોતા નથી.''

''ઓ વ્હાલા પ્રભુ,અમારો છુટકારો કરો'' લોરી બોલી ''તેણે છોડાવ્યા છે જૂલીએ જવાબ આપ્યો. વિકટરે તેની નોટમાં જોયુ જેમાં તેણે ટીનોના શિક્ષણને લખી લીધુ હતુ તેણે નિસાસો મૂકયો શું હું આ બધું કયારેય શીખી શકીશ ?''

ટીનોએ ખાતરી આપી ''ચાલીસ વર્ષથી વિશ્વાસ કરનાર વિશ્વાસીઓ કરતા પણ તમે દેવ વિષે અને તેની કૃપા વિષે વધારે પ્રશ્નો પૂછો છો.''

''ઘણા બધા ?''

''અરે ના, તમારી જીજ્ઞાસા અને પારખવૃતિ એ તો ઈશ્વરીય દાન છે. અને પવિત્ર આત્માનુ કામ છે.

''પવિત્ર આત્મા આપણને પારખશકિત કેવી રીતે આપે છે ?''

''તે આપણા મનોને પ્રકાશિત કરે છે'' ટીનોએ સમજાવ્યુ, ''જેથી આપણે દેવનુ વચન આપણા પોતાના જીવનમાં આપણા મિત્રોના જીવનમાં અને આપણા દુશ્મનોના જીવનમાં લાગુ કરીએ ૨ કોરી ૪:૪ માં લખ્યુ છે કે આ જગતનો દેવ શેતાન અવિશ્વાસીઓના મનોને આંધળા કરે છે જયારે આપણે ખ્રિસ્ત પર વિશ્વાસ કરીએ છીએ ત્યારે કૃપાના પરાક્રમથી  આપણે સત્યને પારખીએ છીએ પવિત્ર આત્મા આપણને આંતરિક સાક્ષી આપે છે અજાયબ રીતે આપણને દોરે છે રૂમી ૮ પ્રમાણે તે આપણને ખાતરી કરાવે છે કે આપણે દેવના સંતાન છીએ.''

''કેવુ આશિર્વાદિત'' લોરી આંનદથી બોલી.

વિકટરે પૂછયુ ''આપણા  મનોને પ્રકાશિત કરવા માટે પવિત્ર આત્મા ફકત શાસ્ત્રોવચનો જ વાપરે છે. તે આપણી વસ્તુઓ વાપરતો નથી ?''

''શાસ્ત્રવચન તે અંતિમ અધિકૃતિ આપણે માટે છે.'' ટીનોએ જવાબ આપ્યો ''પણ ગી.શા ૧૯ અને રૂમી ૧ બતાવે છે કે આપણને શિક્ષણ આપવા માટે પવિત્ર આત્મા આપણી બાબતો પણ વાપરે છે તે બાબતોમાં કુદરત ઈતિહાસ,મિત્રો,આપણી પ્રેરક બુધ્ધિ હેતુપૂર્વકનુ મનન, પ્રાર્થના અનુભવો અને ઘણીવાર સ્વપ્નોનો સમાવેશ થાય છે.

''મે યિર્મે ૨૯ માં વાચ્યુ છે કે જુઠા પ્રબોધકો તેમના સ્વપનોનો ઉપદેશ કરતા હતા'' વિકટરે સ્મરણ કર્યુ ''ખોટા શિક્ષણને આપણે કઈ રીતે પારખી શકીએ ?''

''ખોટુ શિક્ષણ હંમેશા શાસ્ત્રવચનોની વિરૂદ્ધ જાય છે અથવા શાસ્ત્રવચનને ખોટી રીતે લાગુ પાડે છે. ટીનોએ સમજાવ્યું વળી તે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને મહિમાવાન કરતું નથી મોટે ભાગે તો તે કોઈ માણસ કે સંસ્થાને ઊંચા ચઢાવે છે અને કોઈને કોઈ રીતે સત્તાભૂખ્યા ધાર્મિક સરમુખ્તયારને તેમના સતા અધિકારમાં ચાલુ રાખે છે.''

'' સમજયો વિકટરે બોલ્યો તેઓ દેવનું વચન વાપરે છે પણ પવિત્ર આત્માના સામર્થ્યમાં નહિ જયારે તેઓ શિક્ષણ આપતા હોય ત્યારે તેઓ માનવીય બળથી તેમ કરે છે તે કેવી રીતે જાણી શકાય ?

'' બીજા પ્રકારનું જુઠુ શિક્ષણ તો વળી તેના કરતા ખરાબ છેતરપિડી હોય છે કારણકે તેનો હેતુ જ ખોટો હોય છે એકાધિકારવાદીઓને જૂઓ, જેઓ દેવના  વચનને જેઓ દેવના વચનને તેમના શિક્ષણ કે ઉપદેશ માટે જ વાપરે છે. આપણે દેવના વચનને આપણા જૂથની પ્રવૃતિઓની દોરવણી માટે વાપરીએ છીએ આપણે સાક્ષી આપીએ, ભજન કરીએ, નવા વિશ્વાસીઓને દ્રઢ કરીએ, સેવાઓ ઠરાવીએ, પાળકોને તૈયાર કરીએ અને મિશનેરીઓ મોકલીએ તે રીતે વચન આપણને દોરવા દો જુઠા પ્રબોધક તેમના શિક્ષણના આધાર માટે શાસ્ત્રવચન સાચી રીતે ઉપયોગ કરે છે પણ આ બધુ  તેઓ નવા કરારના માર્ગની વિરુધ્ધ કરે છે.''

''તમારી ગાડી ઉપડવાની તૈયારી છે'' વિકટરે કહ્યુ આપણને આ રીતે વાત કરવાનો સમય મળ્યો તેથી મને ખુશી થઈ તમે ટ્રેનમાં ચઢો તે પહેલા પવિત્ર આત્મા  આપણને કઈ રીતે દોરે છે તે પ્રશ્ન મારે પૂછવો છે આપણે શું કરવું તે માટે દેવની ઈસ્છા કઈ રીતે પારખી શકીએ ?''

''કેટલાક વિશ્વાસીઓ કેવળ તેમની લાગણીઓ અને આવેશી અનુભવોથી દોરવાતા હોય છે કેટલાક બાઈબલ અને તેના પૃથક્કરણાત્મક શિક્ષણથી દોરવણી શોધે છે. કેટલાક તેમની મંડળીના લોકો જેમ કરતા હોય તેમ કરે છે, જયારે કેલાક આગેવાનોને ખુશ કરવા વર્તતા હોય છે. આપણે આ બધી બાબતોનુ સમતોલપણુ શોધવુ જોઈએ પવિત્ર આત્મા આ બધા શિક્ષણના અનુભવોને ભેગા કરીને તે દ્વારા આપણને દોરવણી આપે છે તે આપણા અનુભવો અને લાગણીઓ,આપણા હેતુઓ અને જ્ઞાન અને વિશ્વાસીઓનો પ્રેમાળ સમૂહ તે બધાનો

ઉપયોગ કરે છે આ બધાના સમતોલપણા વગર મંડળીમાં સેવાની કોઈ એક બાબત ઉપર વધારે પડતો ભાર આવી જાય. શેતાન હંમેશા ખ્રિસ્તના શરીરમાં સમતોલપણુ જોખમાય તેવુ કરે છે હંમેશા મંડળીની મોટામાં મોટી નબળાઈ તેનામાં રહેલી શકિતને અતિ માં રૂપાંતરિક કરે તે છે.''

વિકટરે પૂછયુ ''મારી મોટામાં મોટી મુશ્કેલી હજુ આર્થર અને તેના અનુયાયીઓની છે. તેઓ નવા વિશ્વાસીઓના મનોને ડરાવીને તેમને અપરાધી હોવાનો ભાવ ઉત્પન્ન કરે છે. પછી નવા વિશ્વાસીઓ દેવ તેઓની સાથે છે અને બીજાઓ પર પ્રેમ કરવા માટે તેમને પાપથી છોડાવે છે તે બાબત પર શંકા કરવા લાગે છે આ ધુવડસમાન આર્થર દેવની શિક્ષા માટે વાંરવાર જૂના કરારના પ્રબોધકોના દાખલા આપે છે તેની વાંસળી એક તરફી છે.

''આર્થર અને તેના અનુયાયીઓને જૂના અને નવા કરાર વચ્ચે બહુ જ ઓછો તફાવત લાગે છે'' ટીનોએ ચેતવણી આપી ''તે લોકોને ગુંચવણમાં નાખે છે આપણે કૃપા અને નિયમ વચ્ચેનો તફાવત સમજાવો જોઈએ જૂના અને નવાકરારની ભેદરેખાને ખૂબ ઓછી આંકનાર શિક્ષકોથી સાવધ રહો પ્રભુ ઈસુના મરણ અને પુનરૂત્થાને દેવની માણસ જાત સાથે વર્તવાની તરાહ બદલી નાખી છે. રૂમી. ૬ :૧૪ ની પ્રતિજ્ઞા મુજબ દેવના લોકો નિયમમાંથી કૃપામાં પ્રવેશ પામી ગયા છે નિયમવાદીઓ જૂના કરારને વળગી રહે છે. ખોટા શિક્ષકો નવા નવા નિયમોની ંવૃદ્ધિ પામતા જાય છે તેઓ કેવળ પ્રાચીન ઈસ્ત્રાએલના જૂના કરારના નિયમો જ નહિ પણ બીજા માનવરહિત નિયમો પણ શોધ્યા કરે છે.

''તમે જણાવ્યુ કે જુના કરારના નિયમો ફકત પ્રાચીન ઈસ્ત્રાએલને જ લાગુ પડતા હતા વિકટરે કહ્યુ આજે તે જુના નિયમોમાંથી કોઈ કામના નથી ?''

''ઈસુ અને તેના પ્રરિતોએ જુના કરારના કેટલાક નિયમોને માર્ગદર્શક તરીકે નવા કરારમાં બતાવ્યા છે દા.ત તેમણે દસ આજ્ઞાઓને, સાબ્બાથ વારની આજ્ઞા સિવાય તમામને જુના કરારના પાયા તરીકે પુન : ખાતરી યુકત કર્યા છે આપણે નવા કરારની માર્ગદર્શિકાઓનો ઉપયોગ કરીએ છીએ કારણકે જો આપણે જૂના કરારની આજ્ઞાઓમાંથી થોડી પાળીએ અને બાકીની છોડી દઈએ તો આપણે દેવના લોકો ને ગુંચવી નાખીશું.

''જૂના કરારના કયા કેટલાક નિયમો આપણે પાળવાના નથી ?

''તે ઘણા છે હું તે બાબત પૂરેપૂરી સમજાવુ તે પહેલા ટ્રેન ઉપડશે તેઓમાંના કેટલાક મોઢે બતાવી દઉ છું આમાંની કોઈ બાબતો આપણે કરવાની નથી.''

પવિત્રસ્થાનમાં સુનત વગરની વ્યકિતનો નિષેધ

માબાપને શ્રાપ આપે તેવા બાળકોને પથ્થરે મારવા

વ્યભિચારીઓને પથ્થરે મારવા

મૂર્તિપૂજકોને મારી નાંખવા

વિશ્રામવારે કામ કરનારને મારી નાખવા.

જે ભવિષ્યવાણીઓ પ્રબોધ કરે અને તે પ્રમાણે ન થાય તેવા ભવિષ્યવાદીઓને મારી નાખવા.

યરૂશાલેમમાં જ પર્વો પાળવાનો આગ્રહ

પરિણિત વ્યકિતને તેની નિસંતાન વિધવા ભાભીને પરણવાનો આગ્રહ

દર સાતમે વર્ષે ખેતરને ખેડયા વગર પડયા રાખવાનો ખેડુતોને આગ્રહ

દર અઠવાડિયાની ભજનસેવા માટે નર હલવાનનો વધ ભજન માટે ફકત યરૂશાલેમ જ જવું

''જુના કરારના કેટલાક નિયમો કેવા હતા!'' લોરી આ સાંભળીને બોલી.

'' તે બહુ કઠીન હતા'' ટીનોએ કબુલ કર્યુ ''પ્રાચીન નિયમ લોકોને રદ કરતો હતો અને તેમને મરણદંડ તરફ દોરી જતો હતો ૨ કોરી ૩:૬ કહે છે.''

"શા માટે ?" વિકટરે પૂછયુ અને તે લખવા તત્પર બન્યો "દેવે મુસાને નિયમ આપ્યો તે પાછળ હેતુ શો હતો"

" પ્રાચીન નિયમના ત્રણ ઉદેશો હતા ,

પહેલો રૂમી ૩ઃ૨૦ સ્પષ્ટ બતાવે છે કે લોકો જાણે કે તેઓ પાપી છે માટે દેવ જુનો નિયમ આપ્યો. નિયમ પાપને ખુલ્લુ કરે છે અને લોકોને ખ્રિસ્ત માટે તૈયાર કરે છે રૂમી ૩ અને ગલા. ૩ માં તે બાબત જણાવી છે

બીજું ગલા. ૩ઃ૨૪ બતાવે છે કે નિયમશાસ્ત્ર બાળશિક્ષક હતુ અને તે દેવના લોકોને ખ્રિસ્તના આગમન માટે તૈયાર કરતુ હતુ

ત્રીજુ જૂનો નિયમ વ્યવસ્થાતંત્ર સ્થિરતા આશા અને આંનદ પ્રાચીન ઈસ્ત્રાએલના રાજય ને આપતો હતો ગી.શા ૧૧૯ઃ ૧૨૭ માં દાઉદ દેવના નિયમ પ્રત્યેનો તેનો પ્રેમ પ્રદર્શિત કરે છે.

વિકટરે આ ઉદેશો નોટમાં લખી લીધા જેથી તે પાછળથી તેમાંથી સંશોધન કરી શકે ટીનોએ આ જુવાન પતિ પત્નિને ખાતરી આપી દેવે નિયમ વડે માનવજાતને તેના પાપની ખાતરી પમાડી અને તેની કૃપાથી તે આપણા પાપ માફ કરે છે અને આપણને અનંતજીવન આપે છે આપણે કૃપાના નવા કરારના ભાગીદાર થયા છીએ જેના વિષે યિર્મયાહ પ્રબોધકે ઈસુના જન્મ પહેલા ભવિષ્યવાણી કહી હતી દેવે યિર્મયાહ મારફતે તે પ્રગટ કર્યુ કે જુના અને કામચલાઉ કરારનુ સ્થાન નવો કરાર લેશે કે જે દ્રારા દેવના નિયમો પથ્થરના બદલે માણસોના હૃદય ઉપર લખેલા હશે.

વિકટરે કહ્યું "ઈસુ અને તેના પ્રેરિતોએ કઈ જગ્યાએ એવુ કહ્યુ કે હવે જૂનો કરાર આપણને લાગુ પડતો નથી ?"

ટીનોએ કેટલાક શાસ્ત્રભાગો કાઢયા જે અનુસાર જૂનો કરાર હાલમાં અમલમાં નથી તેમ જણાય છે.વિકટરે તે લખી લીધા. હવે સમગ્ર જૂના કરારના નિયમની પૂર્ણતા પ્રેમના નિયમમાં થઈ છે તે પ્રેમ પવિત્ર આત્માનુ ફળ છે દેવ દરેક વિશ્વાસીને તે આપે છે માત્થી ૨૨ : ૩૮-૪૦ ,ગલાતી ૫ : ૨૨-૨૩

આપણે હવે નિયમને આધિન નથી પણ કૃપાને આધિન છીએ. રૂમી ૬ : ૮-૧૮.

આપણે હવે નિયમના કામોથી ન્યાયી ઠરતા નથી પણ વિશ્વાસ દ્રારા કૃપાથી ન્યાયી ઠરીએ છીએ ગલા.૨ઃ૧૬ થી ૩ઃ૨૪

ઈસુએ તેના મરણ અને પુરૂત્થાન દ્રારા તમામ અંધકારના પરાક્રમ ઉપર વિજય મેળવ્યો છે અને આપણી વિરુદ્ધ થઈ ચૂકેલા હુકમો અનુસાર આપણી અનંત મૃત્યુ (નર્ક) ની સજા રદ કરી છે કલો ૨ઃ૧૩-૧૭

જુના કરારનુ ગૌરવ જે દેવની ઈસ્છા પ્રમાણે મર્યાદિત સમયનુ અને ચાલ્યુ જનારૂ હતુ તેના કરતા કંઈ વધારે ચઢિયાતુ નવા કરારનુ ગૌરવ અનંતકાળ ટકનારૂ છે.

" આ જાણીને કેટલુ સાંરૂ લાગ્યુ" લોરી હર્ષથી બોલી "હવે આર્થરને તેના ઘણા બધા નિયમો આપણા પર લાદવાનો કોઈ પાયો નથી તે મને સમજાય છે."

" હવે મારી ગાડી ઉપડશે એ પહેલા ૨ કોરી ૩ઃ૬-૧૦ ધ્યાનથી જૂઓ તે કૃપાના નવા કરારને પ્રગટ કરે છે" તેમણે વાંચ્યુ.

"દેવે આપણને નવાકરના સેવકો તરીકે અધિકૃત કર્યા છે તે કરાર અક્ષરનો નથી પણ આત્માનો છે કારણકે અક્ષર મૃત્યુ નિપજાવે છે પણ આત્મા જીવન આપે છે હવે જો જે કરારની સેવા મૃત્યુ લાવતી હતી જે નિયમ પથ્થરો પર કોતરેલો હતો તે જો ગૌરવ સહિત આવ્યો અને ઈસ્ત્રાએલ પુત્રો તે ગૌરવને કારણે મુસાના ચહેરા સામે તાકીને જોઈ શકયા નહિ તે ગૌરવ જો કે ચાલ્યું જનાર હતુ, તો જે આત્માની સેવા છે તે તેનાથી અધિક ગૌરવવાન કેમ ન હોય ? જે નિયમના કરારની સેવા માણસોને મૃત્યુની સજાને પાત્ર ઠરાવે છે તે જો ગૌરવાન છે તો જે સેવા ન્યાયપણુ ઉપજાવે છે તે કેટલી અધિક ગૌરવવાન છે ! કારણકે જે ગૌરવવાન હતુ તે તેનાથી ઘણા ચઢિયાતા ગૌરવના આગમનથી ઝાખું પડી ગયુ છે"

વિકટર અને લોરીના ઘેર ગયા પછી ટીનોએ તેમને માટે તૈયાર કરેલ આલેખનો ચાર્ટ અભ્યાસ સહિત વાંચ્યો જૂના કરારની દેવની માંગણીઓ અને નવા કરારની માંગણીઓ પણ જરૂરી સામર્થ્ય સાથે એ બે વચ્ચેના પાયાના ઘણા તફાવતો તે ચાર્ટ બતાવતો હતો.

**જૂના અને નવા કરારની સરખામણી**

વધસ્તંભ વડે ઈતિહાસના ભાગલા પડયા ખ્રિસ્તના મરણ અને પુનરૂત્થાનના સમયથી દેવ ચાહતો નથી કે આપણે નિયમ વડે જીવવાનો પ્રયત્ન પણ કરીએ કે જે પ્રાચીન ઈસ્ત્રાએલીઓને આપવામાં આવ્યો હતો પણ હવે આપણે પવિત્ર આત્માના પરાક્રમ વડે જીવવાનુ છે આ આલેખ જૂના અને નવા કરારનો તફાવત બતાવે છે જૂનો કરાર નિયમ પર ભાર મૂકતો હતો નવો કરાર કૃપા પર ભાર મુકે છે યો ૧:૧૭ માં લખ્યુ છે કેમકે નિયમશાસ્ત્ર મુસા દ્વારા આવ્યુ પણ કૃપા તથા સત્યતા ખ્રિસ્ત ઈસુ દ્વારા (અનુભવવામાં ) આવી.

| જૂનોકરાર (નિયમ) | | નવો કારર (કૃપા) |
|---|---|---|
| હંગામી (કામચલાઉ) છે યિર્મે ૩૧: ૩૧-૩૨ હેબ્રી ૮:૧૩ | સમયગાળો | અનંતકાલિક છે હેબ્રી ૯ :૧૫; ૧૦:૧૦-૧૪ |
| પશુના બલિદાનો હંગામી કિંમતના હેબ્રી ૯:૬-૧૦; ૧૦ :૧-૪,૮ | માફીનું સાધન | ઈસુ એકમાત્ર બલિદાન, સદાકાળનું હેબ્રી ૯:૧૦-૧૧ ૧૦:૯-૧૦ |
| ભૌતિક,દુન્યવી,કામચલાઉ એફે ૧:૩પુન ૩૦ :૧૫-૨૦ | પ્રતિફળો,સજાઓ | આત્મિક સ્વર્ગીય સનાતન યો ૩:૧૬ પ્ર.ક ૨૦-૧૩-૧૫ |
| દેવના લોકો સમુદ્રમાં થઈને છુટકારો પામ્યા નિર્ગમન. ૧૪ | સૌથી મોટો ચમત્કાર | ખ્રિસ્તનું પુનરુત્થાન. આપણે પણ ખ્રિસ્તમાં સજીવન થવાથી મૃત્યુથી છુટકારો પામ્યા છીએ લુક. ૨૪, રૂમી ૬ :૧-૧૪,૧ કો.૧૫ |
| દેહની સુનત ઉત્પતિ ૧૭ :૧૦ પુન ૧૦ :૧૬ | શરૂઆતનો વિધિ | બાપ્તિસ્માં (હૃદયની સુનત) માત્થી ૨૮ : ૧૮- ૨૦ રૂમી ૨:૨૯ |
| પાસ્ખાનું હલવાન નિર્ગ ૧૨:૧-૧૫ | યાદગીરીનું ભોજન | ખ્રિસ્તનું શરીર અને રકત લુક ૨૨: ૧૯-૨૦; યોહાન ૬ : ૨૫-૬૮ |
| જૂના કરાર પાપને પ્રગટ કરતો અને મરણ ઉપજાવતા રૂમી ૩ :૧૯-૨૦ | હેતુ | નવાકરારમાં દેવ પાપની માફી આપે છે અનંતજીવન મળે છે. કોલોસી ૨ :૧૧-૧૭ |
| નાશમાન મંદિરમાં પડદાની પાછળ નિર્ગ ૨૫:૮,૯.૨૬ ૪૦-૩૫; લેવી ૧૬ :૨ | દેવની સમક્ષતા | પવિત્ર આત્મા આપણામાં સદાકાળ રહે છે. યોહાન ૧૪ : ૧૬-૧૭; ૧ કો ૩ : ૧૬ |
| મુસા નિયમ આપનાર હતો બીજા પ્રબોધકો મુસાના નિયમને અનુસરતા યોહાન ૧ :૧૭; ગણના ૧૨ :૬-૮ | સૌથી મોટો પ્રબોઘક | ઈસુ ખ્રિસ્ત દ્વારા કૃપા અને સત્યતા આવી. યોહાન૧: ૧,૧૪-૧૭; પ્રેકૃ.૩ : ૨૨-૨૬ કોલો ૧ : ૧૫ હેબ્રી ૧ : ૧-૪ |
| હારૂન પ્રમુખયાજક જેણે દુન્યવી પરમ પવિત્રસ્થાનમાં સેવા કરી લે ૧૬: ૧-૨૭ | સૌથી મોટો યાજક (પાળક) | ઈસુએ મહિમામય સ્થાનમાં આપણે માટે મધ્યસ્થી કરી હેબ્રી ૪ : ૧૪-૧૬; ૫ :૪-૧૦; ૯ :૧-૧૪; યોહાન ૧૪ :૨-૩ |

| | | |
|---|---|---|
| દાઉદે રાજયોજીત્યા લેવી૨૦ : ૩૦ ૧ શમૂ ૧૮ :૭; ૨ શમુ ૭ :૮-૧૬; પુનર્નિયમ ૨૦ :૧૬-૧૮ | સૌથી મહાન રાજા | ઈસુ સર્વ રાજયોના અધિપતિ તરીકે પસંદ કરાયેલો માત ૨૮:૧૮-૨૦; પ્રે.કૃ. ૧ :૮; એફેસી ૫ :૨૩; પ્રક્ટી. ૧૯ :૧૫ -૧૬ |
| અલગતા, ખુંખાર યુદ્ધો, નિર્ગ. ૬ : ૬-૭ ૧૯ :૧-૬; પુન. ૨ :૩૧; ૪ :૧-૪,૯ | બીજા રાજ્યો પ્રતિ નીતિ | સમાધાન બધા દેશામાંથી શિષ્યો કરો. એફેસી ૧ :૪; ૨ :૧૨-૨૨; ૩ :૧-૬ કોલોસી ૧ :૧૯-૨૨; પ્રકટી. ૭ :૯ |
| ભયંકર સજાઓથી બચવા દેવના વિસ્તૃત નિયમો પાળો. પુન. ૬ :૧-૩ ૨૮:૧૫-૨૬ નિર્ગ ૨૦:૧૮-૨૦ | જીવન ધોરણ માટેનો આધાર | આત્મા વડે જીવો પ્રેમથી આધિન યોહાન ૧૪:૧૫; રૂમી ૧૩:૮-૧૦; ૨ કો ૩ :૩-૧૧; ગલાતી ૫ :૫-૬ માત્થી ૨૨ :૩૭-૪૦ |
| અઠવાડિયાનો સાતમો દિવસ ઉત્પતિની યાદગીરીરૂપે. નિર્ગ. ૨૦ :૮-૧૧; પ્રકટી. ૨૧ : ૧; લેવી ૨૫ : ૧-૭ | ભજનનો સામાન્ય દિવસ | પ્રે.કૃ.માં મંડળીના લોકો અઠવાડિયાને પહેલે દિવસે મળતા નવી ઉત્પતિ જે ખ્રિસ્તના પુનરૂત્થાન વડે શરૂ થઈ તેની યાદમાં આમ છતા દેવ ગમે તે દહાડે ભજનની છુટ આપે છે લુક ૨૪ :૧-૭; પ્રેકૃ. ૨૦ :૭; એફેસી ૨ :૬; હેબ્રી ૪: ૪ -૧૧; પ્રકટી. ૨૧ :૧-૪ |
| પશુઓના અર્પણો અને પર્વો લેવી ૧-૭ અધ્યાય અને ૨૩ | ભજનના સાધનો | આપણે આત્મા અને સત્યમાં ભજન કરીએ. છીએ અને વિશ્વાસીઓ સાથે રોટલી ભાંગીએ. છીએ યોહાન ૪ : ૨૪ પ્રેક્ટી ૨ :૪૨ |
| સ્વપ્રયત્નો તેમજ ખાસ નિયમો મારફતે લે.૧૧ યશા ૫૫:૭ | પવિત્રીકરણ | આપણા આત્મિક પુનઃજન્મ અને રૂપાંતર દ્વારા આપણે આત્માના ફળોના અનુભવ કરીએ છીએ રૂમી ૧૪ : ૧ - ૧૭; ૧પિતર ૧ :૩ ૧ તિમોથી ૪:૩-૫ |
| દસ આજ્ઞાઓ નિર્ગ૨૦:૧-૧૭ | મૂળ જરૂરિયાત | પસ્તાવિક પાપીનો ખ્રિસ્ત પર વિશ્વાસ યોહાન ૩ : ૧૬; લુક ૨૪ : ૧-૨૭ |
| જીવનના જુદા જુદા પાસાઓ માટેના ખાસ નિયમો હતા. નિર્ગ. ૧૮ :૨૦; ૨૪ :૩ | દોરવણી | દેવનો પવિત્ર આત્મા આપણને પ્રકાશિત કરે છે. એફેસી૧:૧૭-૨૦; યોહાન ૧૪:૨૬;રૂમી ૮:૧-૨૭ |
| નિયમો અને સંદર્શનો દૂતોની મધ્યસ્થી દ્વારા નિર્ગમન ૧૮ :૨૦; ૨૪ :૩ | મુખ્ય પ્રકટીકરણ | દેવ માણસ બન્યો એક જીવંત શબ્દ યોહાન ૧:૧-૩;હેબ્રી.૧:૧-૩;૨ :૨૪ |
| ખ્રિસ્તને માટે તૈયાર કરવાનો ગલા ૩:૨૩-૨૬ | શિક્ષણનો હેતુ | મંડળીનુ રૂપાતર કરે, ઉન્નતિ કરે અને જુદી - જુદી સેવાઓ માટે રજુ કરે રૂમી ૮:૨૩,૨૮-૩૦એફેસી ૪ :૧૧-૧૨ |
| ન્યાયાધિશો તરીકે કડક અમલ | વારસો આપવા માટે | પાળક તરીકે નમ્ર સેવક તિતસ ૧:૫-૯ |

| | | |
|---|---|---|
| નિર્ગ ૧૮:૨૪-૨૬; માર્ક ૧૫ :૧<br>પ્રે ૧૫:૧૦ દશાંશનો નિયમ<br>(આવકનો દસમો ભાગ) પુન. ૧૨ :૧૧<br>જમીન,માનવીય સગા મારફતે કામચલાઉ<br>રક્ષણ મળતુ. પુન. ૬ :૧; રૂથ ૪ :૧૩-૧૭<br>પુન ૬: ૧-૩ રૂથ ૪:૧૩-૧૭ | વડીલોનું દોરવણી માટેનું<br>ધોરણ | ૧પિતર ૫:૧-૪ માત્થી૨૦ :૨૫-૨૮<br>દાન દરેકે પોતાના દિલથી<br>રાજીખુશીથી અપાય તેટલુ આપવુ<br>૨કોરંથી ૯ :૭; ૧ કોરંથી ૧૬ :૨<br>અનંતકાળની સપંતિ પવિત્ર આત્માના<br>સામર્થ્ય દ્વારા ખાતરી ઉત્પતિ ૧૨ :૩;<br>એફેસી ૧ :૩-૧૪; હેબ્રી ૨ :૧૪-<br>૧૫; ૧ પિત્તર ૧ :૩-૫ |

ટીનોના ગયા પછીની પ્રથમ મીટીગમાં વિકટરે જોયુ કે જેઓ તેના અને ટીનોના ગ્રુપને છોડીને ચાલ્યા ગયા હતા તેવા કેટલાક ગ્રુપના સભ્યો આવ્યા હતા તેઓ આર્થરના જૂથમાં જોડાયા હતા તેઓમાંના કેટલાકે તો ટીનોના જૂથમાં કેટલાક અઠવાડિયાથી હાજરી આપી ન હતી.

''આપણે આજે ખાસ કામને માટે ભેગા થયા છીએ ''આર્થરે જાહેરાત કરી આજે આપણે આ જૂથને માટે નવા આગેવાનની નિમણૂંક કરવાના છીએ, હા, ટીનોની આગેવાનીથી આપણને ઘણી જ ગરબડ છે અને એટલે જ મારે નવુ જૂથ શરૂ કરવુ પડયુ છે હવે હું તે જૂથમાં જોડી દઉ છું.

''આર્થર સાથે આવેલો એક માણસ બોલ્યો, ''મારૂ નામ શાજી છે હું આ ગ્રુપનો છું અને ટીનો કેવી રીતે શિસ્ત વગર ગ્રુપ ચલાવે છે તે મેં સાંભળ્યુ છે તેમણે વિકટર જેવા નવા વિશ્વાસીઓને છુટો દોર આપ્યો છે દેવની બાબતો સાચી રીતે ફરીથી સ્થાપવા અમે આવ્યા છીએ આપણા નવા આગેવાન તરીકે હું ભાઈ આર્થરનુ નામ રજુ કરુ છુ.''

લોરીએ વિકટરને કહ્યુ ''તે મને દેડકાની યાદ અપાવે છે વિકટર હસ્યો તેણે જોયુ કે શાજીનુ મોઢુ વિચિત્ર રીતે પહોળુ હતુ તેનો અવાજ પણ દેડકાના અવાજને મળતો આવતો હતો.''

''સાહેબ ઈશ્માએલ મક્કમતાથી બોલ્યો અમે તમને આળખતા નથી અને જયારે અમારા આગેવાન ટીનો ગેરહાજર છે ત્યારે આવી કોઈ ચુંટણીનો હું વિરોધ કરુ છું.

આર્થરની આંખો પહોળી થઈ ગઈ હોઠ પર જીભ ફેરવતા તે બોલ્યો ''તમારો તો મને સાથ છે તેવું હું ધારતો હતો ઈશ્માએલ.''

''તમે શું કરવા માંગો છો તે હું જાણુ છું આર્થર'' ઈશ્માએલે જવાબ આપ્યો ''આપણે ભેગા થઈને તે યોજના કરી તે વખતે હું તમારી સાથે સમંત હતો તમે બધા જૂથોને અંકુશમાં લેવા ચાહતા હતા. તમારી ઈચ્છા પ્રમાણેની ધાર્મિક બાબતો ના કરનાર વિશ્વાસીઓમાં તેઓ અપરાધી છે તેવો ભાવ તમે ઉત્પન્ન કરવા ચાહો છો તમારી ઈચ્છા પ્રમાણે ના કરનારને દેવ શિક્ષા કરશે તેવો ડર તમે તેમનામાં ઊભો કરો છો આવી બીકથી તેઓ દાનમાં વધારે પૈસા આપે તેવું તમે શીખવો છો તમારા બીબામાં લોકોને ઢાળવા તમે આત્મિક ધમકીઓનો ઉપયોગ કરો છો તમે મારી પાસેથી જ આ બધું શીખ્યા ઈશ્માએલ થોભ્યો અને આંખ લૂછી મને હવે એ વાતની શરમ લાગે છે.

''શું તમને શું થાય છે આર્થર થરથરવા લાગ્યો તે બકવાસ કરવા લાગ્યો.''

''હવે મેં દેવની કૃપાની નદીમાંથી પાણી પીધુ છે ઈશ્માએલ જવાબ આપ્યો સર્વસમર્થે મારૂ રૂપાંતર કર્યુ છે હવે હું તમારી આકાંક્ષાઓનો ભાગીદાર નથી આર્થર દેવે તેની કૃપાથી આગ વડે મારા ધંધા પર પ્રહાર કર્યો છે કેવળ પૈસા અને લોકો પર અંકુશના વિચારો કરતા દેવે મને બળજબરીથી રોકયો તે આગને માટે હું દેવનો આભારી છું હવે હું પ્રભુ ઈસુની સેવા કરૂ છું મારા પૂરા હૃદય અને જીવથી હું તેની સ્તુતિ કંરૂ છું.''

'' આ રૂમમાં અશુદ્ધ આત્માઓ ઘુસી ગયા લાગે છે શાજી બબડયો.''

ઈશ્માએલે ચાલુ રાખ્યુ ''તમે અહીં શા માટે આવ્યા છો તે હું જાણુ છુ આર્થર તમારા નવા જૂથમાં જોડાયેલા લગભગ બધા વિશ્વાસીઓ પોતાના મૂળ જૂથમાં પાછા ફર્યા છે તેઓએ જાણી લીધુ છે કે તમે તમારા ટોળાનો અંકુશ

ગુમાવી દીધો છે માટે આ જૂથ પર અંકુશ કરવા આવ્યા છો. ઘેટાઓ જાણી ગયા છે કે તમને તેમના પર સાચો પ્રેમ નથી તમે તેમનો ઉપયોગ કેવળ તમારી યોજનાઓને સમૃધ્ધ કરવા માટે કર્યો અને હવે અમારા જૂથ પર અંકુશ કરવા ધારો છો.''

'' દુર્ભાષણ'' આર્થર વચ્ચે બોલ્યો નર્યુ દુર્ભાષણ આવુ ભૂંડુ તમે ન બોલી શકો, ઈશ્માએલ આગને કારણે લાગેલા આઘાતે તમને પાગલ બનાવી દીધો છે હા,''

''ભૂતો!'' શાજી બરાડયો અને આંચકા સાથે ઊંચો થયો, ''પવિત્ર આત્મા મને બતાવે છે કે અહી ભૂતો છે ઈશ્માએલ અને વિકટર તેમને લાવ્યા છે ચાલ્યો જા શેતાન, દૂર થા! દેવના નામમાં કહું છુ જતો રહે ! હું તને ધમકાવુ છુ એકદમ જતો રહે! તે હાથ હલાવતો ઉપર નીચે કુદવા લાગ્યો તેનો ચહેરો ગુસ્સાથી મરડાતો હતો.

''શાજી પોતાને સંભાળો,શાંત થાઓ'' વિકટરે તેને કહ્યું

એકાએક શાજી વિચિત્ર અવાજે બોલવા લાગ્યો તે અવાજ તો દેડકા જેવો હતો ''મને રાતે સ્વપ્ન આવ્યુ છે આ પ્રેરિત અને પ્રબોધકનુ સ્વપ્ન સાંભળો. મારૂ દિવ્ય પ્રકટીકરણ ધ્યાનથી સાંભળો. આખી રાત ઉંઘ્યા વગર મેં મનન કર્યુ છે. સાત અશુધ્ધ આત્માઓએ ઈશ્માએલની દુકાન પર પેટ્રોલ છાંટયુ અને તે બળી ગઈ ટીનો ઈશ્માએલ અને વિકટર તે અશુધ્ધ આત્માઓ પાસે દોડયા અને તેઓના પગમાં પડી ગયા આગ હોલવાઈ ગઈ ત્યાં સુધી તેમણે તે આત્માઓનુ ભજન કર્યુ પછી આ ત્રણ ગદારોને તે અશુધ્ધ આત્માઓ એ ઉંચકીને તે ભડકામાં ફેકયા.''

''બસ !'' વિકટર મક્કમતાથી બોલ્યો. જે સ્વપ્ન દેવના વચન સાથે સુસંગત નથી તે સ્વપ્નની વાત આપણે દેવની મંડળીમાં કરી શકતા નથી તમે નાશ અને ધિક્કાર પાત્ર વાતો કરી અને હવે દેડકાની જેમ અહી તહી કુંદવાનુ બંધ કરો બધાને ખલેલ પહોચે છે.

લોકો હસવા માંડયા કારણકે શાજી પાછો આંચકા સાથે સમાન્ય સ્થિતિમાં આવ્યો. તે શાંત પડી ગયો અને વિકટર બોલ્યો ''આપણે હવે વ્યવસ્થિત બનીએ આપણે દેવનુ વચન સાભળવા અને ભજન કરવા આવ્યા છીએ'' કેટલાક વિશ્વાસીઓએ આમેન કહ્યુ.

''આભાર વિકટર, આ શાંતિ સ્થાપી તે માટે'' આર્થરે શાંતિથી તેને કહ્યુ ''હું પણ વ્યવસ્થાનો આગ્રહી છું હા મારે ખાસ વાત કહેવી છે અહીંના આપણા આ જૂથ માટે આપણે વધારે સારા નિયમોની જરૂર છે હું દરખાસ્ત કરૂ છું કે આપણે આ જૂથના આગેવાનો તરીકે ફક્ત બે વડીલોને નીમીએ અને તે ચાર વર્ષ માટે હાલમાં ટીનો અને બીજા વડીલો જે કામ કરે છે તેમની જગ્યાએ આવે કારણકે તેઓ સારી વ્યવસ્થા આપવામાં નિષ્ફળ ગયા છે.''

''હું સાથ આપુ છું શાજી ગજર્યો.''

''તે લોકશાહી જેવુ લાગે છે'' વિકટરે વિરોધ કર્યો ''આમ છતાં આવા નિયમો આપણી આત્માની સ્વતંત્રતાને રૂંધે છે આ બાબત હું સમજાવુ. જો પવિત્ર આત્મા ત્રણ કરતા વધારે માણસોને પાળકનુ દાન આપે તો શું કરશો ? તમારો નિયમ તો બે માટે જ મર્યાદિત છે અને દેવનું પાળક માટેનુ આત્મિક દાન શું ફકત બે વર્ષ માટે હોય છે ? પછી શું દેવ તે પાછુ ખેંચી લે છે? આવા માવનરચિત નિયમો લોકોને એવા આગેવાનો ઠરવવાની સ્થિતિમાં મુકશે જેથી ખ્રિસ્તમાં આપણી સ્વતંત્રતા છીનવાઈ જશે આપણે અત્યારે દેવની લાયકાત ધરાવતી કોઈ પણ વ્યકિતને પાળક તરીકેની સેવા કરવા દઈએ છીએ આપણે હવે માણસના નિયનોનુ પાલન કરીને દેવની લાયકાતોને કેન્સલ કરી શકતા નથી. અત્યારે આપણા જૂથોમાં ચાલુ જરૂરિયાતો અને તકો પ્રમાણે સેવાઓ નક્કી કરવાની પધ્ધતિ છે ૨ કોરીંથ ૩ :૧૭ માં આપણને જોવા મળે છે કે જયાં દેવનો આત્મા છે ત્યાં સ્વતત્રંતા છે.''

''તુ પણ ટીનોનો ભાઈ જ લાગે છે'' આર્થર કડવાશ સાથે બોલ્યો.

''હું પણ તેવું જ ઈચ્છું છું તેમણે મને આ જૂથના સંચાલનમાં તેમની ગેરહાજરીમાં મદદ કરવાનું કહ્યુ છે અને હું તે કરીશ હવે આપણે બીજી વાતો કરીએ. હવે આપણે એકબીજા અંગેની આજ્ઞા, એકબીજાની સેવા અને ઉન્નતિ માટે વધારે અસરકારક રીતે પાળવાની યોજના બનાવીએ.''

જુલી બોલી ,''પ્રભુ તમારો આભાર આર્થરના કપાળે પરસેવાના ટીપાં બાઝયા તે જૂથો સામે જોઈને ઊભો

રહ્યો તેની જીભ હોઠો પર ફરવા લાગી. રૂમમાં ચારે તરફ દરેક માણસ પર તેની ઘુવડ નજર ફરવા લાગી પછી એકદમ તે રૂમ છોડીને ચાલ્યો ગયો તેની પાછળ શાજી અને અનુયાયીઓ પણ ચાલ્યા ગયા. જો કે ઘણા તેમના અનુયાયીઓ ત્યાં જ રહ્યા અને વિકટરે બાઈબલની વાર્તા કહી અને વિશ્વાસીઓને તે ભજવી બતાવી તેમના અનુયાયીઓ માં એક ભપકાદાર વસ્ત્રોવાળી બાઈ પણ હતી.

મીટીંગ છૂટયા પછી લોરીએ વિકટરને કહ્યુ ''મેં તે બાઈને ઓળખી હું પહેલી જ વાર આવી ત્યારે તે હતી જૂથમાં ખ્રિસ્તની અજાયબ કૃપાનુ ભજન થતું હતું ત્યારે તે ચાલી ગઈ હતી.

તે બાઈ લોરી અને વિકટર સિવાયના બધા જતા રહ્યા ત્યાં સુધી ઊભી રહી પછી તે બોલી ''મારૂ નામ જૂડી છે તમે સ્વતંત્રતા વિષે જે બોલ્યા તે મને ગમ્યું વિકટર મેં પણ વિશ્વાસના ધોરણમાં પ્રગતિ કરી છે હવે હું ઘણા ઓછા લોકો જે વાત સમજી શકે છે તે સમજી છું કે દેવ કોઈ એક ધર્મ કરતા મોટો છે જયા સુધી આપણે ગંભીર છીએ ત્યા સુધી આપણે જે ઈચ્છીએ તે પર વિશ્વાસ કરી શકીએ છીએ તમારૂ સત્ય તમારે માટે સાચુ છે મારૂં સત્ય મારે માટે સાચુ છે. કેવી સરસ સ્વતંત્રતા ! બાઈબલનું શિક્ષણ તો અતિશય બંધનમાં રાખનારૂ છે અને તે માટે બાઈબલમાં હિંસાચાર છે ? તેમાં લખ્યુ છે કે ઈસુના લોહી વડે આપણને ધોવામાં આવ્યા છે ? કેટલું કરપીણ અને પછાત

લોરીએ જવાબ વાળ્યો ''જુડી ,અમે ખાતરીપૂર્વક માનીએ છીએ કે પ્રભુ ઈસુના લોહી દ્વારા આપણા પાપની કિંમત ચૂકવવામાં આવી છે.

''ઈસુના લાલ રકતકણો સાથે મારે શું લાગે વળગે ?''

વિકટરે પૂછયુ તમે તમારા પોતાના દેવોને કોતરો છો તે તો મૂર્તિપૂજા છે.

''હું મૂર્તિઓમાં માનતી નથી જુવાન તેને બનાવનાર તો થોડા જ માણસો હોય છે.''

''તમે પથ્થર અને ટાંકણીથી તે નથી બનાવતા પણ તમે તમારા દેવને તમારા શબ્દો વડે બનાવો છે તમે દેવ વિષે અને તમારી આધ્યાત્મિક દુનિયા વિષે તમારી પોતાની માન્યતાઓ શોધી કાઢો છો નાસ્તિક મૂર્તિપૂજાકોએ હંમેશા તેમ કર્યુ છે તમારે દેવની કૃપા પામવાની જરૂર છે...''

''તમે મને કૃપા વિષે કહો છો'' તે વચમાં બોલી ''હું તમને કહીશ અરે જુવાન માણસ તમારા કરતા મને કૃપા વિષે ખબર છે દેવના ન્યાય વિષેની તમારી પથ્થર યુગી માન્યતાઓને હું નકારૂં છું પ્રેમાળ દેવ લોકોને તે રીતે સજા નહી કરે તારણ તો સર્વવ્યાપી છે.''

લોરીએ જવાબ આપ્યો ''એફેસી ૧ :૭ માં કહ્યું છે કે આપણને ખ્રિસ્તના લોહી વડે ઉદ્ધાર મળ્યો છે. જયાં સુધી તેની અનંત પવિત્રતાનો અમે અભ્યાસ કર્યો ન હતો ત્યાં સુધી હું દેવના ન્યાયને સમજી શકી ન હતી. જૂડી, દેવ તો સંપૂર્ણ પ્રેમ છે અને ભલો છે માટે તેણે પાપ માટે શિક્ષા કરવી જ જોઈએ તે ચાહે છે કે તેના લોકો તેની સાથે હંમેશા રહે પણ તે સંપૂર્ણ પવિત્ર હોવાથી પોતાની હજુરમાં પાપને સાંખી શકતો નથી જો તે એમ થવા દે તો સ્વર્ગ નર્ક બની જાય.''

''નર્ક ? અરે યુવતી તુ નર્ક વિષે કહે છે ? જો દેવ કોપના આવેશમાં આવી સજા કરે તો તો તે કૃપાના દેવ કહેવાય જ નહિ.''

લોરી વિકટરે સામે જોવા લાગી કે તે આનો જવાબ આપે ટીનોએ દેવના ન્યાય વિષે તેને શીખવ્યુ હતુ તે તેને યાદ આવ્યુ. ''જયાં સુધી આપણે પાપની દુઃખદાયક પૂર્વભૂમિકા, સજા, લોહીના અર્પણો અને સંપૂર્ણ ન્યાય ને તેની સરખામણીમાં ન જોઈએ ત્યાં સુધી દેવની કૃપા સમજી શકીએ નહિ. નર્ક તો સંપૂર્ણ ન્યાયની જગા છે દેવનો ન્યાય પૂરેપૂરો અદ્દલ હશે નહિતો તે દેવ કહેવાય જ નહિ સ્વર્ગ તો કૃપા અને દયાનુ સ્થાન છે જો આપણે ખ્રિસ્તનુ દર્દનાક બલિદાન અને મરણ ધ્યાનમાં ન લઈ શકીએ તો આપણે દેવની કૃપાને બિરદાવી ન શકીએ.

જૂડી જડની જેમ જોઈ રહી તે સાંભળવા માંગતી ન હતી પણ તે વિવેકી હતી, અને વચમાં કોઈ દખલ તેણે ન કરી વિકટરે ચાલુ રાખ્યુ ''જુડી, કૃપા કરીને સાંભળો તમારા પાપો માફ થાય માટે ઈસુએ વધસ્તભં પર કેવી

શિક્ષા સહન કરી તે વિચારો પછી  તમે દિલથી તે પ્રભુ પર પ્રેમ કરશો અને લોકો પોતાના હાથે બનાવે છે તેવો નાનો દેવ તેને નહિ બતાવો.''

લોરીએ તેને વિનંતી કરી, ''આ બાબતો સમજવા માટે અમે તમારા ઘેર આવી શકીએ. શું અમે આવીએ ?''

''ના રે ના, તેની જરૂર નથી આ લોકોએ તમારૂ મગજ ફેરવી નાખ્યુ છે (બ્રેઈન વોશ) આ બધા તંરગોથી દેવે મને બચાવી રાખી છે માટે હું આભાર માનુ છું ગુડ નાઈટ ચા માટે આભાર.''

તે ગઈ અને લોરીએ ખુરશીમાં પડતુ મૂકયુ લાંબા સમયથી હતાશ પાછી તેણે નિસાસો નાખ્યો તેની પાસે મેરીજુઆનાની વાસ આવતી હતી.

''તેના હાથમાં ઈન્જેકશનના કાણા હતા તે મેં પણ જોયા'' વિકટરે ઉમેર્યુ ''તે ડ્રગ્ઝ લે છે જેઓ પોતાની વિચારસરણી નક્કર સત્ય પર બાંધવાનો નકાર કરે છે તેઓ જૂઠા ધર્મોની પકડમાં ફસાય છે જૂડી તેની પોતાની માન્યતાઓના પાશમાં જકડાયેલી છે.''

''તે કહે છે કે લોકો ગમે તે માનવા માટે સ્વતંત્ર છે.''

''તે સ્ત્રીની જેમ જેટલા લોકો વિચારે છે તેઓ બાઈબલના સત્ય અને હકીકતોથી પોતાને દૂર કરે છે તેઓ પોતાની આસપાસ એક કોચલુ રચે છે જૂડીનું કોચલુ કોઈ પણ ખ્રિસ્તી મતમતાંતર કરતા વધારે બંધનકર્તા છે તેણે પોતે પોતાને સ્વપ્ન દુનિયામાં બંધ કરી રાખી છે તે કહે છે કે હું સ્વતંત્ર છું પણ સત્ય એ છે કે દેવની કૃપા દ્વારા જે પ્રેમ આવે છે તે વગર કોઈ સ્વતંત્ર થઈ શકતું નથી.''

તેઓએ જૂડી માટે પ્રાર્થના કરી. પછી ઘેર જતી વખતે લોરી વિકટરને કહેવા લાગી ''તમે હવે બરાબર ટીનો જેવા લાગો છો તમે જયારે કહ્યુ કે જો કોઈમાં પ્રેમ ન હોય તો તે સ્વતંત્ર નથી તેનો અર્થ શો છે ?''

''ટીનાએ મને તે સમજાવ્યુ છે પાપી માણસો ધારે તે બધું કરી શકતા નથી કારણકે તેમને ખરાબ બાબતો કરવી ગમતી હોય છે પોલીસ, સમાજ, અંતર આત્માં અને દેવ તેઓને વશમાં રાખે છે કેવળ સંપૂર્ણ પ્રેમાળ માણસ જ જે ચાહે છે તે કરી શકે કારણકે તેની ઈચ્છા હંમેશા સારી હોય છે ઈસુએ કહ્યુ છે કે આપણે પાડોશી પર પ્રેમ રાખવો તેમાં નિયમની પરિપૂર્ણતા છે.''

''મને હવે સમજ પડી, વિકટર જે લોકોમાં પ્રેમ હોય છે તેઓ ચાહે છે તે કરવા સ્વતંત્ર છે કારણકે તેઓ બીજાનુ સારૂ કરવા ઈચ્છે છે આ કઈ રીતે બનશે તે પણ હવે હું સમજી છું પુનરૂત્થાન અનંતકાળ સુધી આપણી આગળ પાપ નહી હોય આપણે દેવને અને એકબીજાને ખૂબજ પ્રેમ કરીશુ અને છેવટે આપણે જે કરવુ હોય તે કરવા માટે આપણે સ્વતંત્ર હોઈશું પ્રભુ ને મહિમા હો.!''

જયારે ટીનો મુસાફરીએથી પાછો ફર્યો ત્યારે તેણે વિકટરની પ્રશંશા કરી ''જયારે આર્થર અને તેના માણસોએ આપણા જૂથ પર અંકુશ કરવાનો પ્રયત્ન કર્યો ત્યારે તમે કેવી રીતે વ્યવસ્થા સ્થાપી તે મને ઈશ્માએલે કહ્યુ છે તમારો આભાર લોકો તો કહે છે કે તમે અને લોરી તેઓને માટે આશીર્વાદરૂપ છો તમારા નવા જૂથે બીજા બે નવા જથો સ્થાપ્યા છે તેમના નવા આગેવાનોને તમે શિક્ષણ આપી રહ્યા છો આપણો પ્રભુ ઈસુ મહિમાવાન હો,

''હું તો ફકત તમે જે અમારા માટે કર્યુ તે જ કરૂ છું હું તમારૂ અનુસરણ કરૂ છું ટીનો અને આ માર્ગ જ સહેલો છે. ખૂબ સહેલો''

લોરીએ હર્ષથી કહ્યુ ''દેવની કૃપા કેવી અદભૂત વહે છે. કુટુંબથી લઈને કુટુંબ અને મિત્રથી લઈને મિત્ર સુધી આપણે પ્રભુને ધન્ય કહેવો જ જોઈએ.''

''દેવની કૃપા ઘણા સ્થળોમાં વહે છે'' ટીનોએ જણાવ્યુ ''આપણા મિશનેરીઓએ ઘણા સ્થળોમાં જૂથો સ્થાપ્યા છે અને તે વધતા જઈ રહ્યા છે તેઓ હિંમતભેર શેતાનના રાજય ક્ષેત્રોને તોડી રહ્યા છે.  તેઓને પણ આપણી જેમ નિયમો બાબતના પ્રશ્નોનો સામનો કરવો પડે છે આમ છતાં દરેક જગ્યાએ જયાં વિશ્વાસીઓ ખ્રિસ્તના નામમાં કૃપા અને દેવના પરાક્રમની માંગણી કરે છે ત્યાં પવિત્ર આત્મા બતાવી આપે છે કે શેતાન અને તેના ભૂંડાઈના લશ્કરો કરતા દેવ વધારે પરાક્રમી છે.''

લોરી રડવા લાગી.

"શું થયું તને ? " વિકટરે પૂછયુ .

"કેટલા બધા આ મહાન આશિર્વાદથી અજાણ છે મારી ઈચ્છા દેવની આ મહાન આશ્ચર્યકારક કૃપા વિષે એક ગીત લખવાની છે જેથી બધા તે વાંચી ને આપણી સાથે આનંદના સહભાગી બની શકે પણ કવિતા લખવાની આવડત મારામાં નથી પ્રાસ અનુસાર શબ્દો ગોઠવવાનુ મને કઠણ લાગે છે."

"લોરી" ટીનોએ મૃદુતાથી કહ્યુ "હવે ગીત બનાવો જ પ્રાસ બેસે કે ના બેસે, તે જરૂરી નથી તમારા વિચારોને સ્વતંત્ર રીતે વહેવા દેવા માટે કોઈ કાવ્ય નિયમ આડો આવી ન શકે.શાસ્ત્રીય ગીત રચવાની ચિંતા છોડી દો ફકત પ્રભુ તમને શું આપે છે તે લખો.

"શું હું લખુ ? બાપરે !" તેણે વિકટર સામે જોયું તમે મને ઈશ્વરવિદ્યા જાળવામાં મદદ કરજો."

થોડો દિવસ વીત્યા પછી વિકટરે અને લોરી ફરીથી ટીનોએ જૂલી અને ઈશ્માએલને મળ્યા.

" લોરીને કંઈક વાંચવુ છે" વિકટરે જાહેર કર્યુ "લોરીએ શરમના ભાવો સાથે મૃદુ અને થોથવાતા સ્વરે વાંચવા માંડયું

**ઘરડા સર્પની દેવની નવી ઉત્પત્તિ વિરૂદ્ધ લડાઈ.**

દેવની છુટકારારૂપી કૃપાનુ ઝરણુ વહે અવનિ પર, દેશ દેશાવરે,હિમાલયથી ઊંચા સ્તરે,
એક સરિતા મહાન એવી, ગંગા,એમેઝોન,યાંગત્સે અને નાઈલ જો ભેગી વહે,
મોટી અમાપ તેનાથીયે,અંકુશો મૂકતી ભીંતો તોડે, શોધે દિશ ચારે
હું તો ચાખું સાજા કરનાર,જીવનદાતા, સર્વક્ષમારૂપવાળું તેનું.
અવનિનો નબળો પોપડો ન વહે ભાર ઝરાનો,
પાપી માનવ હૃદયના ડાઘા રોકે પાવન વહેણ તેનું,
ભૂંડા દૂતો સડેલા આત્માનાશક ત્રાગા રચે.
આદમના પતનના સમયે નારકી દૂતો ગાય કાયર વિજય ગીત.
દેવનો બુલંદ હુકમ જાહેર થયો મક્કમ,"અજગરે આભડયા જગત ને માનવ"
તેનું જ નિશાન સ્ત્રી માનવ સંતાન,કરશે શિર તેનુ છુંદેછુંદો
કૂદયા ભૂંડા દૂતો,પાપે આભડયા માણસ કદી દેવના શ્રાપથી નહી છૂટે
માણસને પાપ બતાવશું ને તે થશે ધૂળને ઢેફો મૂએલો !
પરાત્પરનો અવાજ સૂણ્યો દુષ્ટ દૂતોએ દેવ પિતા વદયા દેવ પુત્રને,
"જા, વહાવ ઝરો કૃપાનો મુજ સિંહાસનેથી માનવજાત લગી"
દુષ્ટાત્મા નિંદયા નબળો, પોપડો ધરાનો ના દે આધાર પૂરો,
તે નદીના વહેણ જબરા ભારે.
"ચાલ્યો જા અવનિએ માનવ ખોળિયે વદયા પિતા દેવપુત્રને
ભલે નબળી ભાસે તે સુખદુઃખનો ભાગિયો થા તેમનો પાપનો કડવો વખ ચાખી જો
તારા રૂધિરતણા જોરે પિગાળ આડાશ સંઘી ભીતરૂપી જેથી વહે કૃપાનો ઝરો મોકળો.
ભૂતો કૂદે, દાંત પીસે, ના સમજે હૂકમ પરાત્પરનો
પ્રધાનદૂત ચમકે ,ફાટી આંખે પૂછે,આ કેવી રીતે બને?
દેવનો પવિત્ર, ગંદકી અને શરમને અડકે કે જેના વડે
દુષ્ટ શેતાને અવનિ તરબતર કરી"
બંડખોર ભૂતોએ ડંફાશ હાંકી,માનવના તારનારને આવવા દો,
દેવની પવિત્રતા એમ થવા ન દે.

પાપી માનવોએ તેમનુ અનંત ભાગ્ય સોપ્યુ અમ ચરણે
કૃપા તણી ઊંડી નદીનો પાયો તે ક્ષુદ્ર જીવડાને નાખવા દો
પછી તેમનુ અસંભવ નિરર્થક કર્યુ કારવ્યું બગાડતા રહીશું
પ્રધાનદૂત ગર્જે,સમય અને સ્થળની જંજીરો ના બાંધે દેવના કર
ના અંધકાર બાંધે અનંત અંતરનો તે રાજા
તે એકલો સર્વત્ર સર્વ સમયે અને સમયની મર્યાદાથી પર
સમય અને અવકાશમાં ગમે ત્યારે પ્રવેશી શકનાર હું છું
આમ સર્વ સંસારનો સર્જક દેખા અણદેખા નો તમામ ઊતર્યો નીચે.
આજ્ઞાકારી મારિયાની કૂખે દિપ પ્રગટાવી, પેઠો સૃષ્ટિમાં
કુંવારિકાએ પાવન રહી જણ્યો માનવ અને દેવ પુત્ર
તે અબળ પાવન બાળને નાથવા કૂર લડાઈ છેડી દુષ્ટ ભૂતોએ.
નર્કનો અતિભૂંડો બરાડયો, મારો એને એની કૂખ વિંધો,કરો લોહી નિતરતો !''
તે મૂઓ ધરા ધ્રુજી ઘડાકા ગર્જયો ભારે વરસાદે પવિત્ર લોહી પહોચાડયુ દૂર દૂર.
લોભી અજગરના જડબાં, ખોટા ઈનામને હડપવા અધિરિયા
યૂનાની ભૂખી માછલીની જેમ ઈસુનો કચડાયેલો નિર્જિવ દેહ કર્યો હડપ
ગળીને મારે શેખી અજગર હું જીત્યો મારા સાથીઓ વિજય ઉજવો !
હવે સ્વર્ગદૂતોને જોવા દો અકકેક માણસના મરતા વધતી   સંપતિ મારી
મરણના પાતાળ મુજ દેશમાં સૂતો મુજ બંધક ખ્રિસ્ત,
દેવે પછાડયો મને નીચે, મે વાળ્યુ વેર
નરકોની નરકે પડઘા દેવે તેનુ વચન પાળવા
તેના ઈસુને મરવા દીધો,મુરખ જેવો ઠરવા દીધો
જાણે હારી ચૂકયો ! નિયમ માંગે પાપી માણસનુ મોત
આપણા અપરાધોએ કબરોને મુદ્રા મારી સ્વર્ગના નિયમોને ધોરણે.
આખો વિશ્રામવાર મૃત પ્રભુ સૂતો કબરે પૂર્ણ નિદ્રાએ
એકમાત્ર માનવી દેવનો નિયમ પૂર્ણ પાળી શકયો.
ધિક્કારથી ચકચૂર અજગર થયો આંધળા ના જૂએ પ્રેમનું કામ અદભૂત.
કે છેલ્લો આદમ નિજ રકતે ધૂએ માનવના પાપ તમામ
દેવના નવા સપ્તાહની ઉગી પરોઢ તોડયા ઈસુએ અજગરના જડબાં
નરકના ભૂતો હાફયા.પરાજય! લાંછન!  સ્વર્ગદુતો હર્ષધ્વનિ ચઢાવો
શું આનંદ! પ્રબોધકો અને દાઉદે ભાખ્યો અગાઉ
ના સમજાય તે ટાણે પણ હવે સાચેસાચા જોયુ, આકાશના સૈન્યો સ્તુતિ ગાઓ.
''ખ્રિસ્તે સજીવન થવું જોઈતુ હતુ પરાત્પર ન્યાયાધિશે કહ્યુ , ''તે મારો પવિત્ર છે.''
જે હુકમ માણસને મોત ફરમાવે તે જ અંનતજીવન માટે પણ છે.
કોઈ ન્યાયી કદી મરશે નહિ પણ દેવ સાથે સદાકાળ રહેશે.
અજગરના તિક્ષ્ણ જડબા દેવના પવિત્રને બાંધી રાખી શક્યા નહિ.
મરણના દ્વારોને ખોલીને ઈસુ ઉઠયો દૂતોએ હર્ષનાદ કર્યો
અને નૂહના વહાણે જેમ માનવજાતિનું જતન કર્યુ તેમ માનવજાત ખ્રિસ્તમાં મોતના મુખમાંથી ઊઠી
પૃથ્વી ના સમય અને જગાની અંદર અને બહારના તમામ બંદિવાનો જેઓ વિશ્વાસમાં મર્યા
અને વિશ્વાસમાં હજુ મરશે ખ્રિસ્તે સર્વને અનંતકાળમાં સમાવ્યા.

દુષ્ટાત્માઓનુ સામર્થ્ય સાફ, કેવળ છેતરપિંડીનું જ રહ્યુ
જેઓ તેમના મૃત જુઠાણાઓ પિવાનુ પસંદ કરે છે તેમને ભરમાવે છે.
બાકીના બધા માટે કૃપાની નદી વહેતી છે આવો, તરસ્યાઓ પિવો
ખ્રિસ્તના પ્રેમને અનુભવો ,તેની કૃપાને સદા મેળવો.

**અભ્યાસ**

શેતાન કૃપાના ઝરાને રોકવા જે બાબતોનો ઉપયોગ કરે છે તેને નિશાની કરો.

- ☐ વ્યકિતવાદ જે વ્યકિતઓ ઉપર વિશ્વાસ કરાવે છે.
- ☐ ધમંડી પાખંડવાદ જે બીજાઓનુ સાંભળવા માંગતા નથી અને ખ્રિસ્તી સેવાકાર્યને મર્યાદિત કરે છે.
- ☐ શાસ્ત્રવાચન કરતા માનવી રૂઢિઓને અનુસરવા તરફ પ્રેરે છે.
- ☐ એ રીતનુ શિક્ષણ જેમાં વિશ્વાસીઓ નિષ્ક્રીય શ્રોતાઓ બની જાય
- ☐ એ પ્રકારની મૂર્તિપૂજા જેમાં વિશ્વાસી એવું માને કે જયાં સુધી તે પ્રમાણે છે ત્યા સુધી તે ગમે તે કરી શકે છે.
- ☐ સતાભૂખ્યા આગેવાનો જેઓ નિયમોનો આગ્રહ રાખે અને દોરવણી માટેની જવાબદારી ઉઠાવવામાં કોઈને ભાગીદાર ન બનાવે.
- ☐ વિશ્વાસીઓ પોતાના આત્મિક દાનો વડે એકબીજાની સેવા કરે તે હેતુ નિષ્ફળ જાય તેવુ આયોજન કરવુ
- ☐ પ્રેમ સિવાયના હેતુઓ જેવા કે ભય અથવા નકારાઈ જવાની ધમકી બતાવી દેવને આધિન થવાનુ શિક્ષણ આપ્યા કરવું.
- ☐ કોઈની પાસે કેટલીક સંપતિ છે તેને આધાર દેવની કૃપા નક્કી કરવી.
- ☐ બૌદ્ધિક ફિલસુફવાદ જેમાં દેવની કૃપામાં ઉપરનુ પરાક્રમ હોવા નો નકાર કરી માનવીય વિચારધારાઓ પ્રમાણે શિક્ષણ આપવું.

(નરકના અશુદ્ધ આત્માઓ ઉપરના બધા હથિયારોનો ઉપયોગ કરીને વિશ્વાસીઓમા દેવની કૃપા ઉપરનો ભરોસો નબળો પાડે છે.)

નવા કરારમાં જેને પુનઃ સ્થાપિત કર્યા છે તે સિવાયના જૂના કરારના નિયમો આપણે કેમ પાળતા નથી ?

________________________________________

________________________________________

________________________________________

જૂના કરારના નિયમને રદ કરીને ખ્રિસ્તે સંપૂર્ણ કૃપાનો નવો કરાર સ્થાપ્યો છે તે વિશ્વાસીઓને સમજાવવા માટે નવા કરારના કયા શાસ્ત્રભાગો તમે વાપરશો ?

________________________________________

________________________________________

________________________________________

દેવની કૃપાની નદીમાંથી વહેતા પ્રકાશ અને છૂટકારા ના પ્રવાહમાંથી સહાય મેળવવા માટે વિશ્વાસીઓ માટે કઈ નવી યોજનાઓ તમારી પાસે છે તેનું વર્ણન કરો.

________________________________________

________________________________________

________________________________________